## માર્ચ -દિન વિશેષ


## ગુજરાતી કવિ મફત ઓઝા




ગુજરાતી કવિ, નવલકથાકાર, વિવેચક, સંપાદકમફત ઓઝાનો જન્મતા. પહેલી માર્ચ ૧૯૪૪ના રોજ તેમના વતનમહેસાણા જિલ્લાના જામળામાં થયો હતો. પિતાનું નામ જીવરામ હતું. શાળાનો અભ્યાસ મહેસાણા જિલ્લાના સોજામાં લીધું. ઈ.સ.૧૯૬૨માંએસ.એસ.સી.પાસ કરી ઈ.સ. ૧૯૬૭માં ગુજરાતી-હિન્દી વિષયો સાથે ગુજરાતી યુનિવર્સિટીમાંથી બી.એ. અને ઈ.સ.૧૯૬૯માં એ જ યુનિવર્સિટીમાંથી ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે એમ.એ. પાસ કર્યું. ઈ.સ.૧૯૭૮માં પીએચ.ડી. ની ઉપાધી મેળવી.અમદાવાદની સરસપુર આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજમાં, વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાંઅધ્યાપક તરીકે સેવા આપી. ત્યારપછીથી ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં અધ્યાપક તરીકે નિયુક્તિ થઇ.

' ધુમ્મસનું આ નગર' મફત ઓઝાનોપ્રથમ કાવ્યસંગ્રહ છે. આ કાવ્યસંગ્રહમાં ગ્રામીણ પરિવેશથી વિખૂટા પડી જવાયા પછીની, કાવ્યનાયકનીનાગરિક-સમાજ-સંસ્કૃતિ પરત્વેની અકળામણને વાચા આપતાં ગીત-ગઝલ અને મુક્ત-છંદકાવ્યરચનાઓ સંગ્રહીત છે, 'પડઘાનું ચકરાતું આકાશ' , 'અશુભ' , 'શ્વાસ ભીતરથી ફોરે' , 'અપડાઉન' એમનાકાવ્યસંગ્રહો છે. 'ઘુઘવતા સાગરનાં મૌન' , 'પીળું કરેણનું ફૂલ' , 'પથ્થરની કાયા આંસુના દર્પણ' , 'સપનાંબધાં મજાનાં' , 'અમે તો પાનખરનાં ફૂલ' , 'અમે તરસ્યા સાજન', 'સૂરજ ડૂબે મૃગજળમાં', 'સાતમો પુરુષ', 'સોનેરી સપનાંની રાખ', 'આંસુનો ઊગ્યો ગુલમહોર', 'મૃગજળ તો દૂરનાં દૂર', 'ચહેરા વચ્ચે લોહીનીનદી' તેમની નવલકથાઓ છે. તો 'કાચના મહેલની રાણી', 'તડકામાં ઓગળતો સૂર્ય' એમનાં વાર્તાસંગ્રહો છે. 'લીલા પીળા જ્વાલામુખી' એમનો એકમાત્ર એકાંકીસંગ્રહ છે.'પળપળનાં પ્રતિબિંબ' એમનો નિબંધસંગ્રહ છે.'ઉન્નતભૂ', 'ઉદઘોષ', 'ઉન્મિતિ', 'રાવજી પટેલ', 'સંવિત્તિ' એમના વિવેચનસંગ્રહો છે.'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા' એમનો શોધ નિબંધછે.

## એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલે



સંદેશાવ્યવહાર ક્ષેત્રે અગત્યનું અંગ એવા ટેલીફોનના જનક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલેનો જન્મ તા. 3/3/૧૮૪૭ના રોજ સ્કોટલેન્ડમાં આવેલા એડીનબર્ગ નગરમાં થયો હતો. તેમના પિતાએ બહેરા મૂંગાઓને શિખવાડવા માટે એક નવી વિશિષ્ઠ પધ્ધતિ વિકસાવી હતી. એલેક્ઝાન્ડરે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમના વતન એડીનબર્ગ ખાતે લીધું હતું. તેમને સુધારતા પિતાના સાનિધ્ય અને જ્ઞાનનો ઘણો લાભ મળ્યો હતો.શાળાનો અભ્યાસ પૂરો કરી ઉચ્ચ શિક્ષણ માટે તેઓ લંડન ગયા. છેવટે જર્મની જઈને બર્લિન યુનિવર્સિટીમાંથી તેમણે પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી. આ દરમિયાન તેમની તબિયત નાદુરસ્ત રહેતી હતી. ઘેર પરત આવ્યા પછી ડોક્ટરને બતાવતાં સૌએ ક્ષય હોવાનો સંદેહ જાહેર કર્યો. પરંતુ તેમનું સ્વાસ્થ્ય સુધરતું ગયું. નાનપણથી જ વિલક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવતા ગ્રેહામે શાળાનો અભ્યાસ પૂરો કરી પોતના પિતાની શાળામાં જોડાઈ ગયા. યુવાનવયે પહોચેલા ગ્રેહામને કંઈક નવું કરવાની તમન્ના હતી. તેમણે ડોકટરેટની ડીગ્રી પણ મેળવી હતી.

gnanbhandar.com

શરીરશાસ્ત્રની સાથે સાથે તેમણે ભૌતિકવિજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો હતો. ભેરાઓને તાલીમ આપી શકે તેવા શિક્ષકો તેમણે તૈયાર કર્યા. તેમણે શોધ્યું કે જો ધાતુની પત્રીના સમૂહને એવા જ બીજા સ્મુઉહ સાથે તાર અને બેટરીથી સાંકળવામાં આવે તો પ્રથમ સમૂહ પર પડતા અવાજને અવાજના આંદોલન જેવા જ સાચા સમૂહમાં પણ આવા જ આંદોલનો થઇ શકે છે.

તેમણે ઈ.સ.૧૮૭૬માં ‘ વિદ્યુત વાણી યંત્ર’ ટેલીફોનની શોધ કરી હતી. ઈ.સ. ૧૮૭૭માં તેમણે બેલ કંપની ટેલીફોન કંપનીની સ્થાપના કરી હતી. ગ્રેહામ બેલે ઈ.સ.૧૮૮૦માં ફ્રાંસ સરકારે પચાસ હજાર ફ્રેન્કની રોકડ પુરસ્કાર બોલ્ટા પ્રાઈઝની સન્માનિત કર્યા હતા. ઇનામની રકમમાં બેલે બોલ્ટા લેબોરેટરીની સ્થાપના કરી હતી. ઈ.સ.૧૯૧૭માં તેમણે દરીયાની સપાટી ઉપર ચાલી શકે તેવું હાઈડીદ્રોમ બનાવ્યું. તેઓ એક મહાન વિજ્ઞાની હોવાની સાથે એક કુશળ વક્તા પણ હતા. ટેલીફોનના ક્ષેત્રે તેમણે કરેલી નાની મોટી અનેક શોધોએ સંદેશાવ્યવહારની ટેકનોલોજીને આધુનિકરૂપ આપવામાં ખૂબ જ મદદ કરી હતી. જીવનની અંતિમ ક્ષણ સુધી માનવજાતને ઉપયોગી થાય તેવી ટેલીફોન શોધખોળ પાછળ પોતાનું જીવન સમર્પિત કરનાર મહાન વિજ્ઞાની બીજી ઓગસ્ટ ૧૯૨૨ના રોજ નોવાસ સ્કોટીયા ખાતે આવેલ બિનભ્રીગ ખાતે અવસાન થયું. ત્યારે તેના માનમાં સર્વત્ર બે મિનીટ બેલ પદ્ધતિથી ચાલતી ટેલીફોન સેવાઓ બંધ રાખવામાં આવી હતી.

## મહાન કલાકાર દીના પાઠક



ગુજરાતી રંગભૂમિના તેમ જ નાટકમાં અદ્દભૂત અભિનય કરનાર મહાન કલાકાર દીના પાઠકનો જન્મ તા. ૪/૩/૧૯૨૩નારોજ અમરેલીમાં થયો હતો. તેમના પિતા કાલિદાસ ગાંધી વ્યવસાયે વકીલ હતા. શરૂઆતનું શિક્ષણ અમરેલીમાં લીધું અને ઉચ્ચ અભ્યાસ મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં પ્રાપ્ત કર્યું. રંગભૂમિ પરનો અનુરાગ અહીંથી પાંગર્યો. ચંદ્રવદન મહેતાના ‘ આગગાડી’ નાટકથી એમને રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલા ઈ.સ. ૧૯૪૧માં સરદાર જાફરીના ‘ યે કિસકા ખૂન હૈ ‘ હિન્દી નાટકમાં અભિનય કરી હિન્દી રંગભૂમિ સાથે પણ નાતો બાંધ્યો હતો. આ સમયગાળા દરમ્યાનમાં ‘ ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિયેશન’ (ઇપ્ટા)ની શરૂઆત થઇ. જેના દીનાબહેન પાઠક સ્થાપક સભ્ય હતા. ઇપ્ટા નિમિત્તે એ કાળના ખ્યાતનામ કલાકારોનો વિકટ પરિચય થયો. સામ્યવાદી વિચારસરણી ધરાવતા રમેશ સંઘની સાથે લગ્ન કર્યા. પરંતુ આ લગ્નજીવન લાંબુ ટકી શક્યું નહિ. પંદરેક વર્ષ પછી તેમણે બીજા લગ્ન પંજાબી બળવંત પાઠક સાથે કર્યા જે ઓળખ આજીવન રહી. દીનાબહેન ઈ.સ. ૧૯૪૮થી ગુજરાતી ફિલ્મ ‘ કરિયાવર’ થી ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો. આઝાદી પછી ઈ.સ.૧૯૪૯માં સરકારે ડાબેરીઓની ધરપકડ કરી ત્યારે દીનાબહેન નવમાસ કારાવાસ પણ ભોગવ્યો હતો. મુક્ત થયા પછી ફરી નાટ્યપ્રવૃતિઓ શરૂ કરી દીધી હતી. ઈ.સ. ૧૯૪૯માં ‘લોકભવાઈ’ નાટક લખ્યું. દિગ્દર્શક તરીકે


કામગીરી કરી. અને તેમાં તેમણે અભિનય પણ કર્યો હતો.મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આ નાટક ખૂબ જ પ્રચલિત બન્યું. ઈ.સ.૧૯૫૦માં તેઓ અમદાવાદ આવ્યા અને ગુજરાત વિદ્યાસભાના નાટ્યવિધામંદિરમાં નાટ્યશિક્ષિકા તરીકે જોડાયા હતા. ઈ.સ.૧૯૫૨ માં તેઓ નટમંડળનાં નિયામક તરીકે સેવા આપી હતી. આ નટમંડળમાં તેમણે જયશંકર સુંદરી અને રસિકલાલ ભોજક જેવા કલાકારો સાથે કામ કર્યું હતું.

તેમણે ‘ વિરાજવહુ ’, ‘લોક્શત્રુ’, ‘ ભગવદજ્જુકીયમ’, ‘ મેના ગુજરી’, ‘ મિથ્યાભિમાન’ વગેરે નાટકોમાં કામ કર્યું. અને દિગ્દર્શક તરીકેની પણ કામગીરી કરી હતી. ઈ.સ.૧૯૬૭માં બાસુ ભટ્ટાચાર્યની ‘ ઉસકી કહાની’ થી હિન્દી ફિલ્મજગતમાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ‘ કોશિશ’, ‘ ધરોદા’, ‘ મૌસમ’ , ‘ મીરાં’ , ઉમરાવજાન’, ‘ નાર્મગ્ર્મ’ , ‘ ગોલમાલ’, ખૂબસુરત’, ; ભવની ભવાઈ’, ‘ મિર્ચ મસાલા’ વગેરે લોકપ્રિય ફિલ્મમાં સુંદર અભિનય કરી તેમણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેમને ‘ ખૂબસૂરત’ ફિલ્મ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો ફિલ્મફેર એવોર્ડ એનાયત થયેલ છે. ૧૧ ઓક્ટોબર ૨૦૦૨ના રોજ તેમનું અવસાન થયું .

## પ્રફુલ્લ નંદશંકર દવે

ગુજરાતી વાર્તાકાર ,નવલકથાકાર પ્રફુલ્લ નંદશંકરદવેનો જન્મ તા.૫/૩/૧૯૩૧ના રોજ વડોદરામાં થયો હતો. તેમનું વતન નડિયાદ (જિ.ખેડા) હતું. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ નડિયાદમાં લીધું. ઈ.સ.૧૯૪૯માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૫૩માં બી.એ. અને ઈ.સ.૧૯૫૫માં એમ.એ. પાસ કર્યું. ઈ.સ.૧૯૫૭માં અમેરિકા જઈ વૉશિંગ્ટન યુનિવર્સિટીમાંથી એમ.એ. ઈન ઍજ્યુકેશન પ્રાપ્ત કર્યું. ઈ.સ૧૯૬૩માં આ જ યુનિવર્સિટીમાંથી પીએચ.ડીની ઉપાધી મેળવી. ઈ.સ.૧૯૫૨-૫૬ દરમિયાન વલ્લભવિદ્યાનગરની શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ત્યારપછી ઈ.સ.૧૯૫૫માં અલીણાની શાળામાં આચાર્ય થયા. ઈ.સ.૧૯૬૦-૬૨ દરમિયાન વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં રિસર્ચ આસિસ્ટંટ તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૬૩માં અમેરિકાની સેન્ટ લૂઈસ મેન્ટલ હૉસ્પિટલમાં રિસર્ચ ઍસોસિયેટ અને ઈ.સ.૧૯૬૪-૭૨દરમિયાન ભારતની મૈસુર રિજિયોનલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનમાં રીડરને ઈ.સ.૧૯૭૨-૭૪ દરમિયાન પ્રોફેસર તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૭૪-૭૭ દરમિયાન અજમેર રિજિયોનલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનમાં કાર્યવાહક આચાર્ય બન્યા.તેમણે ‘આગંતુક’ , ‘તરંગિણીનુંસ્વપ્ન’ અને ‘તહોમતદાર’ વાર્તાસંગ્રહો આપ્યા. ‘ચોન્ટી’, ‘તમનેતોગમીને?’, ‘તરંગિણીનુંસ્વપ્ન’ ઇત્યાદિ એમની ધ્યાનપાત્ર વાર્તાઓ છે. ‘ઈસુનેચરણેઃપ્રેયસી’માં પ્રણયજીવનની વિલક્ષણ પરિસ્થિતિઓને આલેખતી બે લઘુનવલોછે. આગન્તુક ઈવાડેવની પચ્ચીસ ટૂંકીવાર્તાઓનો સંગ્રહછે.


## બાલમુકુન્દ મણિશંકર દવે



ગુજરાતી કવિબાલમુકુન્દ મણિશંકર દવેનો જન્મ તા. ૭/૩/૧૯૧૬ના રોજ વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં થયો હતો.તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અનુક્રમે મસ્તુપુરા-કુકરવાડાની ગુજરાતી સરકારી શાળામાં અને વડોદરાની શ્રી સયાજી હાઈસ્કૂલમાં લીધું હતું. મૅટ્રિક થઈ ૧૯૩૮માં અમદાવાદ આવી શરૂઆતમાં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં કામ કર્યા બાદ થોડો વખત પત્રકારત્વક્ષેત્રે કામગીરી બજાવી. ‘નવજીવન’ માં જોડાયા. ત્યાંથી ત્રણ

દાયકે નિવૃત્ત થઈ હાલનવજીવન પ્રકાશિત 'લોકજીવન'નું સંપાદન કાર્ય કરે છે. તેમણે ' પરિક્રમા' અને ' કુંતલ' તેમની કવિત્વ શક્તિનો સારો એવો પરિચય કરાવતા કાવ્યસંગ્રહો છે. તો ' સોનચંપો' , 'અલ્લક દલ્લક' તથા 'ઝરમરિયા' તેમના બાળકાવ્યો છે. પ્રકૃતિ અને માનવ સ્વભાવ તેમની કવિતામાં હૃદયની સચ્ચાઈથી સાદી સરળ ભાષામાં અભિવ્યક્તિ થાય છે. શબ્દની ઉચિત પસંદગી, કલ્પન,છંદ અને લય, અલંકરણ વગેરે તેમના કાવ્યમાં સહજ સુંદર બનીને આવે છે. તેઓ ' લોકજીવન'ના તંત્રીપડે રહેલા છે. ગીત એમનું માનીતું સ્વરૂપ છે. ઈ.સ. ૧૯૪૮માં કવિતાક્ષેત્રે સાહિત્ય સર્જન માટે કુમાર ચંદ્રક એનાયત થયો હતો. તેમના કાવ્યો પ્રકૃતિ , પ્રેમભાવના કાવ્યો મુખ્ય વિષયો જોવા મળે છે. પરિક્રમાની કેટલીક રચનાઓમાં કવિનું આધ્યાત્મિક વલણ વ્યક્ત થયેલું જોઈ શકાઈ છે. હૃદયની લાગણીઓને કવિ સંયમપૂર્વક મિતભાષિતથી અભિવ્યક્ત કરે છે. તેમના કાવ્યોમાં પ્રકૃતિ, પ્રણય અને પ્રભુભક્તિનું નિરૂપણ થયું છે. ઈ.સ.૧૯૫૮-૫૯માં શ્રેષ્ઠ બાળકાવ્યો તરીકે સોનચંપો અને પરિક્રમાને મુંબઈ સરકારના પ્રથમ પારિતોષિક એનાયત થયેલ છે. તેમનું અવસાન ઈ.સ.૧૯૯૩માં થયું હતું.


## હિન્દી સાહિત્યકાર -અજ્ઞેયજી



હિન્દી સાહિત્યના મહાન સુપ્રસિદ્ધ કવિ અને સાહિત્યકાર સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન (અજ્ઞેયજી)નો જન્મ તા. ૭/૩/૧૯૧૧નાં રોજ ઉત્તરપ્રદેશના લખનૌ પાસે આવેલા દેવરિયા જીલ્લાના એક ગામમાં થયો હતો. બાળપણ લખનૌ, કાશ્મીર, બિહાર અને મદ્રાસમાં વીતેલું. તેઓ ઈ.સ.૧૯૨૯માંબી.એસ.સી.ની ઉપાધી મેળવી હતી.સંસ્કૃત,ફારસી અને અંગ્રેજી ભાષામાં તેમણે શિક્ષણ લીધું હતું. દેશની આઝાદી માટે એક ક્રાંતિકારી જૂથમાં જોડાયા હતા. તેમણે જેલવાસ પણ ભોગવ્યો અને જેલમાં એકાંતવાસ દરમિયાન એમને લેખન કાર્ય શરૂ કર્યું. અને એમનું સાહિત્ય સર્જનરૂપ પ્રગટ થવા લાગ્યું. તેમણે અનેક વાર્તાઓ ઉપરાંત સુદર નવલકથાઓ લખી છે. અને ત્યારથી તેઓ ' અજ્ઞેય' એવું ઉપનામ ધારણ કર્યું. તેમણે અનેક વખત વિદેશપ્રવાસ પણ કર્યા છે.

સચ્ચિદાનંદજીનું ગદ્ય પણ કાવ્યાત્મક છે. તે સમયે હિન્દી કવિતા ઉપર છાયાવાદ છવાઈ ગયો હતો. બાદમાં પ્રયોગવાદી કવિ બનતા ગયા. એમની કવિતા પર ટાગોરનો પ્રભાવ જોવા મળે છે. આધુનિકતાનો સંસ્પર્શ થતાં એમની કવિ તરીકેની એક આગવી પ્રતિભા ઉપસી આવી છે. આ દરમિયાન તેમણે ' વિશાલ ભારત', ' આરતી', પ્રતિક', 'દિનમાન' તથા ' ન્યાયપ્રતિક' જેવા સામયિકોના તંત્રી તેમ જ સંપાદક તરીકે સેવા આપી. તેમણે કવિતા,વાર્તા, નવલકથા, નિબંધ, પ્રવાસવર્ણન , વિવેચન અને સંપાદન જેવા અનેક ક્ષેત્રોએ પોતાનું બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમની ઈ.સ.૧૯૭૮માં' કિતની નાવોમેં કિતની બાર' ને જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો હતો. તેઓ પ્રવાસના ખૂબ જ શોખીન હતા. આ ઉપરાંત તેમણે ' હારી ઘાસ પર ક્ષણ ભાર' , 'ચિંતા', 'ભગ્નદૂત',જેવી કૃતિઓ પણ આપી છે. તેમણે તેર કાવ્યસંગ્રહો તથા વિવેચનક્ષેત્રે મહત્વનું પ્રદાન છે. તેઓ અંતર્મુખી કલાકાર હતા.

## ૮ માર્ચ - આંતરરાષ્ટ્રીય મહિલા દિન





નારી તું નારાયણી, સ્ત્રી એટલે કરુણા, સહનશીલતાની મૂર્તિ, આદર્શ ગૃહિણી, સ્ત્રી એટલે માતા... આવા અનેક

વિશેષણોથી સ્ત્રીને ગૌરવાન્વિત બનાવવામાં આવે છે. સંસ્કૃત સુભાષિતમાં પણ કહ્યું છે કે,

યત્રનાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા – જ્યાં સ્ત્રીઓની પૂજા (સન્માન) થઈ છે ત્યાં દેવતાઓ આનંદ પામે છે જ્યાં એનું સન્માન થતું નથી ત્યાં સઘળી ક્રિયા નિષ્ફળ જઈ છે. આમ પ્રાચીન સમયથી જ સ્ત્રીને ગૌરવની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાચીનકાળથી અર્વાચીન કાળ સુધી સૌએ સ્ત્રી વિષે ચિંતન જરૂર કર્યું છે. એક સમયે સ્ત્રી અબળા કહેવાતી સ્ત્રીનું સ્થાન ઘરની દીવાલોમાં હતું. એને બાળકો અને પરિવાર જ સાચવવાનો હતો, પણ હવે સ્ત્રી અબળામાંથી સબળા બની છે. ઘરની ચાર દીવાલમાંથી બહાર નીકળી વિકાસ કરતી વિશાળ આકાશમાં ઉડ્ડયન કરી રહી છે. સર્વપ્રથમ ઈ.સ. ૧૯૧૦માં ડેન્માર્કના કોપનહેગન શહેરમાં સ્પેશિયા લીસ્ટ ઇન્ટરનેશનલની મીટીંગમાં સ્ત્રીઓને સમાનતા અને સાર્વિગક મતાધિકાર અપાવવાની માગણી કરવામાં આવી.ઈ.સ. ૧૯૧૪માંઆઠમી માર્ચે મહિલાઓએ યુરોપમાં રેલી કાઢીને આંતરરાષ્ટ્રીય મહિલા દિન મનાવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘે વર્ષ ૧૯૭૫નાં વર્ષને ' મહિલા વર્ષ' ત્તરીકે જાહેર કર્યું હતું.

## નવલરામ પંડ્યા



ગુજરાતી સાહિત્યના આદ્ય વિવેચક,નાટ્યકાર, કવિ અને નિબંધકાર નવલરામ પંડ્યાનો જન્મ તા.૯/૩/૧૮૬૮ ના રોજ સુરતમાં થયો હતો. પિતાનું નામ લક્ષ્મીરામ અને માતાનું નામ નંદકોર હતું. તેઓ જ્ઞાતિએ વિસનગરા નાગર બ્રાહ્મણ હતા. તેમણે ઈ.સ.૧૮૫૩માંમેટ્રીકની પરીક્ષા પાસ કરી. તેઓ ગણિતમાં ખૂબ જ હોંશિયાર હતા. ઈ.સ.૧૮૫૪ થી સુરતની અંગ્રેજી હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષકબન્યા ત્યારપછી ઈ.સ. ૧૮૬૧ થી ડીસાની એંગ્લો વર્નાક્યુલર સ્કૂલના મુખ્યશિક્ષક તરીકે સેવા આપી ઈ.સ.૧૮૭૦ થી અમદાવાદનીટ્રેનિંગ કૉલેજના વાઈસ-પ્રિન્સિપાલ અને ઈ.સ.૧૮૭૬ થી રાજકોટની ટ્રેનિંગ કૉલેજનાપ્રિન્સિપાલ તરીકે કામગીરી કરી. 'ગુજરાત શાળા પત્ર'ના તંત્રી. બાળવિવાહનિષેધક મંડળીના મંત્રી તરીકે રહ્યા.વૈદ્ય 'નિર્દભકર આનંદકર' તેમના ઉપનામ હતા.

ગુજરાતી સાહિત્યને પોતાની પૂરી શક્તિથી સમૃદ્ધ બનાવવા મથામણ કરી હતી. ' ભટ્ટનું ભોપાળું' નામનું નાટક મૂળ ફ્રેંચ નાટકનું વેશાંતર હોવા છતાં મૂળ કૃતિ જેટલું જ લોકપ્રિય બન્યું છે. આ ઉપરાંત ' વીરમતી' નાટક પણ તેમણે રચના કરી હતી. ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા ' કરણઘેલો' ના વિવેચનથી ગ્રંથ વિવેચનનો પ્રારંભ કર્યો હતો. ' ગુજરાત શાળાપત્ર'ના તેઓ તંત્રી હતા. ' બાળલગ્ન બત્રીસી અને બાળ ગરબાવલી'માં સમાજ સુધારણાલક્ષી કવિતા તેમણે આપી છે. ' મેઘદૂત'નું ભાષાંતર પણ તેમણે કર્યું છે. અર્વાચીન સાહિત્યના આરંભકાળે સ્વસ્થ , કર્તવ્યનિષ્ઠ વિવેચના મારફતે તેમણે ગુજરાતી વિવેચનનો પાયો નાખ્યો. તેઓ પંડિત , કવિ, વિવેચક અને ચિંતક હતા એમ કહીને નરસિંહરાવ દિવેટીયાએ યોગ્ય જ મૂલ્યાંકન કર્યું છે. તેમની વિવેચનાને ' મધુકરનો ગુંજારવ' તરીકે ઉચિત રીતે જ ઓળખાવાઈ છે. એમણેપ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરું' (૧૮૭૧)નું સંપાદન પણ કર્યું છે.

એમના સમગ્રસાહિત્યનું સંકલન કરીને ગોવર્ધનરામે ‘નવલગ્રંથાવલિ’ (૧૮૯૧) નામે સંપાદન કર્યું છે.નવલરામ પંડ્યા સાતમી ઓગસ્ટ ૧૮૮૮ના રોજ અવસાન થયું હતું.

## હસમુખભાઈ ટી. પારેખ



ભારતના ઔદ્યોગિક અને નાણાંકીયક્ષેત્રના અગ્રણી વહીવટકર્તા હસમુખભાઈ ટી. પારેખનો જન્મ તા. ૧૦/૩/૧૯૧૧ના રોજ સુરત પાસેના રાંદેરમાં થયો હતો. પિતાનું નામ ઠાકોરભાઈ હતું. તેમણે ઈ.સ. ૧૯૩૩માં મુંબઈ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ થયા.ઈ.સ. ૧૯૩૬માંલંડન સ્કૂલ ઓવ ઇકોનોમિક્સમાં બેન્કિંગ અને નાણાશાસ્ત્રના વિષય સાથે બી.એસ.સી. થયાં. ઈ.સ. ૧૯૩૭મ મુંબઈની શેરદલાલની એક પ્રતિષ્ઠિત પેઢીમાં જોડાયા તે જ સમય દરમિયાન તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. ઈ.સ. ૧૯૫૬માં તેમની નિમણૂક ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ લિમિટેડ(ICICI) માં નાયબ જનરલ મેનેજર ઈ.સ. ૧૯૬૯મ નાયબ ચેરમેન અને મુખ્ય સંચાલક તરીકે અને ઈ.સ. ૧૯૭૨માં નિયામકમંડળના ચેરમેનપદે કરવામાં આવી. જુન ૧૯૭૮માં તેમણે ચેરમેનપદેથી નિવૃત્તિ સ્વીકારી. ઈ.સ. ૧૯૭૭માં તેમણે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિ. (HDFC)ની સ્થાપના કરી. જેનો હેતુ જરૂરિયાતમંદને પોતાની માલિકીનું રહેઠાણ કરવાની આકાંક્ષા સંતોષવામાં નાણાકીય સહાય પૂરી પાડવાનો હતો.

હસમુખભાઈને આર્થિક વિકાસ , ઔદ્યોગિક ધિરાણ,મૂડીબજાર વગેરે વિષયોમાં ઊંડો રસ હતો. તેમણે આંતરરાષ્ટ્રીય નાણાંભંડારમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. વિકાસલક્ષી દેશોની આર્થિક પ્રગતિ અને ઓદ્યોગિક વિકાસ માટેના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળોમાં તેમણે ભાગ ભજવ્યો હતો.તેઓ અનિલ સ્ટાર્ચ પ્રોડકસ લિ., અટીક ઇન્ડસ્ટ્રીઝ લિ., ચોકસી ટ્યૂબ કું, કેલ્વીનેટર ઓવ ઇન્ડીયા લિ. , મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિ. વગેરેના નિયામકપદે સેવા આપી હતી. તેમણે અનેક પુસ્તકો પણલખ્યા છે. ઈ.સ. ૧૯૮૩માંઇન્સ્ટીટયુટ ઓવ ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ એંજ રિસર્ચની સ્થાપનામાં અગ્રભાગ લેવા બદલ સંસ્થાના ગ્રંથાલયનું ‘ એચ.ટી.પારેખ ગ્રંથાલય ‘ નામકરણ કરવામાં આવ્યું હતું. એચ.ટી.પારેખ નું અવસાન ૧૮ નવેમ્બર ૧૯૯૪ના રોજ થયું હતું.

## અભિનેત્રી સુજાતા મહેતા



ગુજરાતી રંગમંચ અને હિન્દી ફિલ્મની સુપ્રસિદ્ધ અભિનેત્રી સુજાતા મહેતાનો જન્મ તા. ૧૧/૩/૧૯૫૯ના રોજ નવસારીમાં થયો હતો. તેમના પિતા પ્રહલાદરાય સ્વાતંત્ર્યસેનાની અને માતા રેખાબહેન મનોવિજ્ઞાન વિષય સાથે સ્નાતક થયા હતા. તેમનો પરિવાર અભિનય સંસ્કારો ઝીલીને તેમણે બાળપણથી જ તેઓ રંગભૂમિ પર અભિનય કરવા પ્રેરાયા હતા. માત્ર ૧૩ વર્ષની વયે અંગેજી નાટક ‘ વેઇટ અન્ટીલ ડાર્ક’માં તેમણે અંધ છોકરીની ભૂમિકા કરી હતી. આઈ.એન.ટી.ના બાળનાટકમાં તેમ જ હિન્દી વિડીયો ફિલ્મોમાં અભિનય કર્યો.

મુંબઈની રંગભૂમિ તેમણે માટે તાલીમશાળા બની રહી પોતાના કાર્યમાં ઊંડા રસ અને

gnanbhandar.com

નિષ્ઠાએ તેમણે અભિનય સમૃધ્ધ બનાવ્યા. કાંતિ મડીયાના ' અમે બરફના પંખી'માં યાદગાર અભિનય આપ્યો હતો. ઉપેન્દ્ર ત્રિવેદી સાથે ' પેરેલિસિસ' માં દૂરદર્શનના ટીવી નાટકોમાં તેમ જ પ્રવીણ જોશીના આઈ.એન.ટી.માં પણ યાદગાર અભિનય આપ્યો હતો. ' ચિત્કાર' નાટકમાં તેમનો અભિનય ચિરકાલીન સ્મરણીય બની રહ્યો. દૂરદર્શનની શરદબાબુની ' શ્રીકાંત' નવલકથા પર આધારિત શ્રેણીમાં રાજ્લક્ષ્મીનું પાત્ર જેવા અનેક અવિસ્મરણીય પાત્રો તેમણે સફળતાપૂર્વક ભજવ્યા હતા. સુજાતાએ હિન્દી ફિલ્મ ' પ્રતિઘાત'માં યાદગાર ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત કેતન મહેતાની ' સરસ્વતીચંદ્ર' ઉપરાંત હિન્દી ફિલ્મોમાં અભિનય કરી યશ પ્રાપ્ત કર્યો છે.

## ગુણવંત શાહ



ગુજરાતી સાહિત્ય નવલકથાકાર, લલિત નિબંધકાર અને કટાર લેખક ગુણવંત શાહનો જન્મ તા.૧૨/૩/૧૯૩૭ના રોજ સુરતના રાંદેરમાં થયો હતો. પિતાનું નામ ભૂષણલાલ અને માતાનું નામ પ્રેમીબહેન હતું. પ્રાથમિક શિક્ષણ રાંદેરમાં લીધું. માધ્યમિક શિક્ષણ જૈન હાઇસ્કૂલસુરતમાં અને ઈ.સ. ૧૯૫૭માં રસાયણ વિષય સાથે બી.એસ.સી.પાસ થયા. ઈ.સ. ૧૯૫૯માં મ. સ. યુનિવર્સિટીમાંથી બી.એડ. અને એમ.એડ. થયા. ઈ.સ. ૧૯૬૦થી ૧૯૭૨ સુધી મ. સ. યુનિવર્સિટીમાં રીડર તરીકેની કામગીરી કરી. ઈ.સ. ૧૯૬૭-૬૮માં અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે અને ઈ.સ. ૧૯૭૨-૭૩માંટેકનિકલ રિસર્ચ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ, મદ્રાસમાં શિક્ષણ વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. ઈ.સ. ૧૯૭૪થી દક્ષિણગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ તરીકે પણ કામગીરી કરી હતી.'નૂતન શિક્ષણ'ના તંત્રી તરીકે કામગીરી કરી હતી. ઈ.સ. ૧૯૭૪થી ' ગુજરાતી મિત્ર'માં કાર્ડિયોગ્રામની અને સંદેશમાં 'રણ તો લીલાછમ' ના કટાર લેખક હતા. ઈ.સ. ૧૯૮૭ થી ૧૯૯૭ના દસ વર્ષ માટે યુવાનોમાં વિચારક્રાંતિ, જાગૃતિ અને સામાજિક ઉત્તરદાયિત્વ પ્રગટે એ માટે તેમણે પંચશીલ આંદોલન ચલાવ્યું. અનેકપદયાત્રા કરી જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે ૪૦થી વધારે પુસ્તકો લખ્યા છે જેમાં પ્રવાસ, નિબંધ, ચિંતન, ચરિત્ર અને એક કાવ્યસંગ્રહ પણ આપ્યો છે.તેમણે 'કાર્ડિયોગ્રામ' , 'રણ તો લીલાંછમ', 'વગડાને તરસ ટહુકાની' , 'વિચારોના વૃંદાવનમાં' , 'મનનાં મેઘધનુષ' વગેરે નિબંધોના સંગ્રહોના પુસ્તકો છે. 'વિસ્મયનું પરોઢ' એમનું ગદ્યકાવ્યનું પુસ્તક છે.'રજકણ સૂરજ થવાને શમણે' અને 'મૉટેલ' એમની નવલકથાઓ છે. 'કોલંબસના હિંદુસ્તાનમાં' એમનું પ્રવાસ પુસ્તક છે. ઉપરાંતએમણે 'ગાંધી-નવી પેઢીની નજરે' , 'મહામાનવ મહાવીર' અને 'કરુણામૂર્તિબદ્ધ' જેવા ચરિત્રગ્રંથો પણ આપ્યા છે. 'શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ' , 'સાવધાન, એકવીસમી સદી આવી રહી છે' , 'કૃષ્ણનું જીવનસંગીત' ઇત્યાદિએમના પ્રકીર્ણ ગ્રંથો છે. તેમની વકતૃત્વની છટાને કારણે તેઓ યુવાનોમાં ખૂબ લોકપ્રિય છે. લલિત નિબંધો તેમની નોખી શૈલી અને મૌલિકતાને કારણે ખૂબ વંચાય છે.


તેમને ઈ.સ. ૧૯૯૭માં રણજીતરામ સુવર્ણચંદ્રક અને ત્યારપછી ' નર્મદ ચંદ્રક પણ એનાયત થયેલ છે.

## રમણભાઈ નીલકંઠ



ગુજરાતી સાહિત્યની પ્રથમ હાસ્યરસિક નવલકથા 'ભદ્રં ભદ્ર' લખનાર રમણભાઈ નીલકંઠનો જન્મ તા. ૧૩/૩/૧૮૬૮ના રોજ અમદાવાદમાં થયો હતો.પિતાનું નામ મહીપતરામ અને માતાનું નામ પાર્વતીબેન હતું. તેમના પિતા ટ્રેનીગ કોલેજમાં આચાર્ય હતા. તેમણે ઈ.સ.૧૮૮૩માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી ઈ.સ.૧૮૮૭માં એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈથી બી.એ. થયા ત્યારપછી એલએલ.બી.પરીક્ષા પાસ કરી. તેમણે ગોધરા સબ-જજની થોડા સમયની નોકરી પછી સ્વતંત્ર વકીલાતનો વ્યવસાય શરૂ કરેલો.પહેલાં પત્ની હસવદનબહેનનું અવસાન થતાં બીજું લગ્ન વિદ્યાબહેન સાથે થયું. રમણભાઈ નીલકંઠ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખઉપપ્રમુખ તરીકે સેવા આપી હતી. તેમાં બજાવેલી સેવાઓ અને એમાં કરેલા કાર્યોને લક્ષમાં રાખીને સરકારે ' રાવ બહાદૂર'નો ઈલકાબ આપ્યો હતો. તેમની સુધારાલક્ષી જાહેરપ્રવૃતિઓમાં સ્ત્રીજાગૃતિ અને સ્ત્રી કેળવણીની પ્રવૃત્તિઓ નોધપાત્ર છે. તેમણે ઈ.સ.૧૯૦૦માં હાસ્યરસિક નવલકથા 'ભદ્રં ભદ્ર' લખી. તેઓ વકીલાત કરતાં કરતાં સમાજસેવા, શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે મહત્વનું યોગદાન આપ્યું છે. ઈ.સ.૧૯૧૩માં પ્રગટ થયેલું ' રાઈનો પર્વત' નામનું સંસ્કૃત અને અંગ્રેજી શૈલીના સમન્વયવાળું શિષ્ટ નાટક પણ લખ્યું છે. એમાં સંસાર સુધારો, ઈશ્વરશ્રધ્ધા, નીતિનિષ્ઠા વગેરે વાતો ધ્યાન ખેંચે છે. તેમણે વાર્તા, કવિતા અને વિવેચન ક્ષેત્રે પણ સાહિત્યસર્જન કર્યું છે. ' જ્ઞાનસુધા'ના તંત્રી તરીકે તેમણે વિવિધ વિષયો પર વિચારપ્રેરક લેખો પણ લખ્યા છે.'હાસ્યમંદિર'માં એમના અને એમની વિદૂષી પત્ની વિદ્યાગૌરી ના હાસ્ય વિનોદના લખાણો પ્રગટ થયા છે. છઠ્ઠી માર્ચ ૧૮૮૭ના રોજ તેમનું અવસાન થયું.ઈ.સ. ૧૯૨૬માં ગુજરાતી સાહિત્ય પરિષદનાપ્રમુખ તરીકે પસંદગી થઇ હતી. 'કવિતા અને સાહિત્ય'-૧ થી ૩ તેમના વિવેચન ગ્રંથો છે.

## આલ્બર્ટ આઇન્સ્ટાઇન



વીસમી સદીના મહાન વૈજ્ઞાનિકોમાં જેમની ગણના થાય છે અને આધુનિક ભૌતિક વિજ્ઞાનના પ્રણેતા તથા સાપેક્ષવાદના સંશોધક એવા આલ્બર્ટ આઇન્સ્ટાઇનનો જન્મ ૧૪મી માર્ચ ૧૮૭૯ના રોજ જર્મનીના મ્યુનિચ શહેરના યહુદી પરિવારમાં થયો હતો. પિતાનું નામ હરમન આઇન્સ્ટાઇન અને માતાનું નામ પોલીન હતું. આલ્બર્ટ આઇન્સ્ટાઇન પ્રકૃતિ પ્રેમી હતા. અભ્યાસમાં એકંદરે નબળા હતા.પરંતુ ગણિત વિષયમાંખૂબ જ રૂચી હતી. નાનપણમાં શાળામાં ન જવા માટે જાત જાતના બહાના કાઢી જવાનું ટાળતા હતા. આલ્બર્ટ ને વિજ્ઞાનનો શોખીન હતા.જીવવિજ્ઞાનના વિષયો જેવા કે વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાન માં તેમને રસ પડતો હતો. જર્મનીની એક યહુદી પરિવારમાં જન્મેલા આલ્બર્ટ આઇન્સ્ટાઇનને ઝૂરી શહેરમાં

gnanbhandar.com

પદાર્થવિજ્ઞાન અને ગણિત વિષયમાં શિક્ષણ લીધું હતું.છવ્વીસ વર્ષની વયે ‘ સાપેક્ષવાદ’ અંગેનો તેમનો લેખ પ્રસિદ્ધ થયો.ઈ.સ.૧૯૦૦માં આઇન્સ્ટાઇનએ પુરવાર કર્યું કે પ્રકાશની ગતિ દર સેકન્ડે ૧૮૬૦૦૦ માઈલની છે. ઈ.સ. ૧૯૦૫માં જ્યૂરિખ યુનિવર્સિટીમાંથી  પીએચડી થયા અને ભૌતિકશાસ્ત્ર અંગેના પોતાના સંશોધનો પર આંતરરાષ્ટ્રીય સંશોધન સામયિકના પાંચ લેખ છપાવ્યા જેનાથી તેમનેવિશ્વવ્યાપી ખ્યાતી મળી. તેમણે સાપેક્ષવાદનો સિંધ્ધાંત આપેલો. સાપેક્ષવાદના સામાન્ય સિંધ્ધાંત તરીકે ઈ.સ. ૧૯૬૧માં તેને પ્રસિદ્ધિ મળી. ફોટોઇલેક્ટ્રિક અસર પર તેના કાર્ય માટે તેમનેઈ.સ.૧૯૨૧માંભૌતિક વિજ્ઞાન નોબલ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

આલ્બર્ટ આઇન્સ્ટાઇન ઉપર રાષ્ટ્રપિતા ગાંધીજીના માનવતાવાદી વિચારોથી ઊંડો પ્રભાવ પડ્યો હતો. વ્યક્તિમાત્ર પ્રત્યે પ્રમાલ, સ્વાતંત્ર્ય પ્રેમી તેમ જ શોષણવિહીન  સમાજરચના તેઓ પુરસ્કર્તા જીવનભર હિંઆ હતા. સહેજ વાંકો વળેલો દેહ, વિચારમગ્ન ચહેરો, શ્વેત અવ્યવસ્થિત વાલ, કરચલીયાણું કપાળ અને છતાં માધુર્ય સભર મુખમુંદ્રાવાળા આધુનિક યુગના આ ઋષિ આર્કિમીડીઝ, ગેલીલિયો,ન્યૂટન જેવા સપ્તર્ષિઓ સાથે જોડાજોડ આસનના અધિકારી છે. E=MC એ ભૌતિકવિજ્ઞાનની પરિભાષામાં રચાયેલું ભાવ સંશોધક આલ્બર્ટ આઇન્સ્ટાઇન ૧૮ એપ્રિલ ૧૯૫૫ના રોજ તેમનું અવસાન થયું.

## સ્વામી રામદાસ




હિંદુ ધર્મ અને હિદુત્વનું રક્ષણ કરનાર શ્રી સ્વામી રામદાસનો જન્મ તા. ૧૫/૩/૧૬૦૮ને રામનવમી રોજ ગોદાવરી નદીને કિનારે ઓરંગાબાદના જાંબ નામના ગામમાં થયો હતો. તેમના માતાપિતા અને વડીલબંધુ અત્યંત ધાર્મિક વૃતિવાળા હતા. સાત વર્ષની નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલા નારાયણ બુદ્ધિચાતુર્યમાં અજોડ હતા. પૂર્વાશ્રમનું એમનું નામ નારાયણ હતું રામાયણના શ્રવણ કીર્તનને નાનપણથી જ રામભક્ત બની ગયા હતા.મહાબલી હનુમાનનો એ પૂજક હતા. પોતાની સગાઈ માટે માગાં આવતા હતા પરિણામે એમને પોતાના ઈષ્ટદેવને ચારને પહોચી જવા ઘર છોડી એક ઊંચા ખડક પરથી  ઝરામાં ઝંપલાવ્યું.પણ તેમના વડીલોએ તેમણે બચાવી લીધા.અંતે લગ્ન નક્કી થાય છે. લ્ગ્નક્રીયા પૂરી થવાના સમયે વરકન્યાના ફેરા ફરવા માંડે છે. ત્યારે એકાએક હનુમાન કૂદકો મારીને માચ્રની બહાર દોડી ગયા. ટાંકલી નામના સ્થળે પોતાનું જીવનધ્યેય પાર પાડવા માંથી રહ્યા હતા.  બાર બાર વર્ષની તપશ્ચર્યાને અંતે પ્રભુની જ ભક્તિ જેવી જનભક્તિ  અને સેવાને પણ એણે પોતાના જીવનનું કાર્ય બનાવી લીધું. તેમણે ભારતભરમાં તીર્થસ્થળોની યાત્રા કરી.તેમણે ભારત્યાત્રમાં જીવનના બાર વર્ષ વિતાવ્યા. એમની પ્રેરણાથી રાષ્ટ્રભરમાં હનુમાનજીના મંદિરોની સ્થાપના થઇ. હિંદુ ધર્મ અને હિદુત્વનું રક્ષણ એમનો જીવનમંત્ર હતો. જનસેવા એમની પ્રવૃત્તિ હતી. સ્ત્રીઓની પવિત્રતાની રક્ષા, રાજકર્તાઓના ભોગવિલાસ, સ્વાર્થ અને કાયરતાનો વિરોધ એમનું અને એમના શિષ્યોનું હંમેશનું કાર્ય બની રહ્યું. શિવાજી મહારાજ એમના શિષ્ય હતા. અને ગુરૂએ એમને ધર્મ સંસ્થાપ્નનો આદેશ આપ્યો.એમની અમૃતવાણી શિષ્યો

માટે બ્રભાક્ષર બની જાય છે. ‘ દાસ્બોધ’ ગ્રંથની તેમણે રચના કરી હતી. ૭૭ વર્ષ જીવી ૧૬૮૨માં તેઓ અવસાન પામ્યા.

## કવિ ન્હાનાલાલ



ગુજરાતી સાહિત્યના ઊર્મિ કવિ ન્હાનાલાલ નો જન્મ તા. ૧૬/૩/૧૮૭૭ને ગુડી પડવોના દિવસે અમદાવાદમાં થયો હતો. તેમના પિતા દલપતરામ ‘ અર્વાચીનમાં આદ્ય કવિ હતા. માતાનું નામ રેવાબેન અને પત્નીનું નામ માણેકબેન હતું. તેમણે ‘ પ્રેમભક્તિ’ તખલ્લુસથી કાવ્યસર્જન કર્યું છે. તેઓ કવિતા ઉપરાંત નાટ્યલેખક, વાર્તાકાર, નવલકથાકાર અને અનુવાદક તરીકે સાહિત્ય સર્જન કર્યું છે. તેમની મૂળ અટક ત્રિવેદી હતી. અગિયાર વર્ષની નાની વયે માતાની છત્રછાયા ગુમાવી હતી.નાનપણમાં તોફાની અને અલ્લડ સ્વભાવના આ કવિએ ઈ.સ.૧૮૯૩માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી.અંદવનની ગુજરાત કોલેજ, મુંબઈ અને પુના કોલેજમાં શિક્ષણનો લાભ લીધો.તેઓ ઈ.સ. ૧૮૯૯માં તત્વજ્ઞાનના મુખ્ય વિશ્હી સાથે બી.એ. અને ઈ.સ. ૧૯૦૧માં ઇતિહાસના વિષય સાથે એમ.એ. થયા હતા. તેમની બીજી ભાષા ફારસી હતી. ઈ.સ. ૧૯૦૨ થી ૧૯૦૪ દરમ્યાન સાદરાની સ્કોટ કોલેજમાં અને ત્યારપછી રાજકોટની કોલેજમાં અધ્યાપનની કામગીરી કરી. આ જ સમયગાળા એમને રાજકોટ રાજીના સર ન્યાયાધીશ તરીકે અને નાયબ દીવાન તરીકે કામગીરી કરી હતી. ઈ.સ. ૧૯૧૮માં કાઠીયાવાડ એજન્સીના શિક્ષણાધિકારી તરીકે પસંદગી થઇ. ગાંધીજીના અસહકારની ચળવળથી તેઓ પ્રભાવિત થયા અને નોકરીમાંથી રાજીનામું આપીદીધું. રાજકોટના બદલે અમદાવાદમાં પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું. ઈ.સ.૧૯૧૯ માંગાંધીજીની પચાસમી જન્મજયંતી ને નિમિત્તે ‘ગુજરાતનો તપસ્વી’ રચનાથી તેમને સુંદરઅંજલિ આપનાર કવિએ રોલેટ ઍક્ટ અને જલિયાંવાલા બાગના હત્યાકાંડે જન્માવેલારાષ્ટ્રપ્રકોપ અને ગાંધીજીપ્રેરિત અસહકારની હવામાં ૧૯૨૧માં એ સરકારી નોકરીનું રાજીનામું મોકલી આપી અમદાવાદને પોતાનું કાયમી નિવાસ્થાનબનાવ્યું.

તેમણે ‘કેટલાંક કાવ્યો’-ભા. ૧-૨-૩, ‘ન્હાના ન્હાનારાસ’-ભા.૧-૨-૩ , ‘ગીતમંજરી’-૧-૨ , ‘રાજસૂત્રોનીકાવ્યત્રિપુટી’ , ‘ચિત્રદર્શનો’ , ‘પ્રેમભક્તિ ભજનાવલિ’ , ‘દાંપત્યસ્તોત્રો’ , ‘બાળકાવ્યો’ , ‘મહેરામણનાં મોતી’ , ‘સોહાગણ’ , ‘પાનેતર’ તેમ જ ‘પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિંદુઓ’ કાવ્યસંગ્રહો આપ્યા છે.તેમના કાવ્યો પ્રકૃતિ સૌદર્ય,પ્રણય અને પ્રભુ તેમના મુખ્ય વિષયો છે.તેમણે કાવ્યમાં પરંપરાગત અક્ષરમેળ અને માત્રામેળ છંદોનો તો અસરકારક ઉપયોગ કર્યો છે. તેમણે માત્ર છંદ નહી પરંતુ ભાવના અને તેને અનુવર્તતા વાણીના ડોલન એટલે કે લયને મહત્વ આપી કવિએ સૌપ્રથમ ‘ ઈન્દુકુમાર’ નાટકમાં આવી ડોલનશૈલીનો પ્રયોગ કર્યો. આ ઉપરાંત વસંતોત્સવ, અઓજ અને અગર જેવા કાવ્યોમાં ડોલન શૈલીનો ઉપયોગ કર્યો છે. તેમણે ‘ઈન્દુકુમાર’, ‘પ્રેમકુંજ’ , ‘ ગોપિકા’, ‘પુણ્યકથા’ ‘ જગતપ્રેરણા’ જેવા ૧૪ નાટકોલખ્યા છે. ‘ ઉષા અને સારથી’ તેમની નવલકથા છે. અને ‘ પાંખડીયો’ તેમનોતેમનું અવસાન તા. ૯/૧/૧૯૪૬ના રોજ અમદાવાદમાં થયું હતું.

## કોનેર્લીયા સોરાબજી



ઓગણીસમી સદી ભારતમાં સ્ત્રીઓ માટે અંધકારમય હતી. શિક્ષણના દ્વાર સ્ત્રીઓ માટે લગભગ બંધ જેવા હતા.

આવા અજ્ઞાન અને અંધકારમય ભર્યા યુગમાં સ્ત્રીઓ માટે એક નવી કેડી પાડનાર ભારતની સર્વપ્રથમ મહિલા એડવોકેટ કોનેર્લીયા સોરાબજીનો જન્મ તા. ૧૭/૩/૧૮૬૬ના રોજ થયો હતો. બચપણથી જ ત્રીવ જીજ્ઞાસાવૃત્તિ ધરાવતા હતા.વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવનાર તેમની ઈચ્છા વકીલ બનવાની હતી. તે સમયે વકીલાત ક્ષેત્રે કેવળ પુરૂષોનો જ અડધીકાર હતો. પોતાને પુરૂષોની સમકક્ષ માનનાર કોનેર્લીયા એમની સાથે હરીફાઈમાં ઊતરી અભ્યાસમાં હંમેશા પ્રથમ ક્રમે આવતી હતી. ત્યારબાદ વકીલ તરીકે પૂનાની ડેક્કન કોલેજમાં કાયદાના અભ્યાસ માટે અરજી કરી ત્યારે તે સમયે સ્ત્રીઓને કોલેજમાં પ્રવેશ આપવામાં આવતો નહિ તેનો તેમણે સખત વિરોધ કરી અનેક અવરોધોનો સામનો હિંમતપૂર્વક સામનો કરી ડેક્કન કોલેજમાં કાયદાશાસ્ત્રના વિષયમાં પ્રવેશ મેળવનાર કોનેર્લીયા સર્પ્રથમ મહિલા હતા. પોતાની પૂરેપૂરી નીશ્ઠથા અને ધગશ સાથે કાયદાશાસ્ત્ર અભ્યાસ પૂરો કરી ઈ.સ. ૧૮૯૪માં એમને વકીલાતની ઙ્રીરી મેળવી હતી. વકીલ તરીકેની પોતાની કારકિર્દી એમણે કલકત્તાથી શરૂ કરી હતી. આ રીતે ભારતમાં પ્રથમ મહિલા વકીલ બનવાનું સન્માન પ્રાપ્ત થયું હતું. પોતાની કારકિર્દી દરમિયાન થતા અન્યાય માટે જીવનભર લડત આપી હતી. ભારતમાં સ્ત્રીઓને થતા નાનામોટા અનેક અન્યાયો સાથે સ્ત્રીઓના વાસ્તવિક જીવનના અનેક અનુભવોને સરળતાથી આત્મસાત કરી એને વાચા આપવાનો એક પ્રશંસનીય પ્રયાસ પણ કર્યો હતો. પોતાના અનુભવો ટૂંકીવાર્તાઓમાં પ્રથમ મહિલા લેખિકા તરીકે ' બીટવીન ધ ટવાયલાઈટ્સ ' તથા લવ એન્ડ લાઈફ બીહાઈન્દ પરદાઝ' એમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. એમાં સ્ત્રીઓને થતા અન્યાયોની વાટ કરી છે. તેમણે સ્ત્રીઓ માટે એક નવી પગદંડી બનાવી હતી એના ઉપર સૌપ્રથમ ચાલનાર એ સ્ત્રીના પગલાની અમીટ છાપ ભારતીય સ્ત્રીઓ માટે હંમેશા પ્રેરણારૂપ બની રહેશે.

## કલ્પના ચાવલા




" તમે જે કામ કરવા ઈચ્છો તે જરૂર કરો, કદાચ શક્તિ બહારનું લાગે તો પણ કરો. જરૂર સફળતા મળશે." આ શબ્દો ભારતની પ્રથમ મહિલા અવકાશયાત્રી કલ્પના ચાવલાના છે. નાનપણથી જ અવકાશમાં ઉડવાના સપનો જોનાર અને તે સપનાને સાકાર કરનારી ડૉ. કલ્પના ચાવલાનો જન્મ તા. ૧૭/૩/૧૯૬૨ના રોજ હરિયાણાના કરનાલ ગામમાં એક વેપારી બનારસીલાલ ચાવલાને ત્યાં થયો હતો. માતાનું નામ સંયોજીતા હતું. માતા સંયોજીતા ત્રણ પુત્રી પછી છેલ્લા સંતાન તરીકે પુત્રની અપેક્ષા રાખતા હતા અને પુત્રીનો જન્મ થયો. જો કે પુત્ર કરતાં સવાઈ સિદ્ધિ મેળવનાર કલ્પનાએ પોતાના માતાપિતાનાં મસ્તક ગૌરવથી ઉન્નત કરી દીધાં છે. કલ્પના ખૂબ જ નમ્ર અને હસમુખી સ્વભાવની હતી. બાળપણમાં તે 'મોન્ટી' તરીકે જાણીતી હતી. બચપણથી જ તે ભણવામાં ખૂબ જ તેજસ્વી હતી. તેને અંતરિક્ષ, ગ્રહ, તારા અને પક્ષીઓ કેવી રીતે ઉડે છે તે જાણવાની જિજ્ઞાસા રહેતી હતી. આર.ડી. ટાટાના હવાઈ પરાક્રમોના સમાચાર વાંચીને તે મુગ્ધ બની જતી હતી અને અવકાશમાં ઉડવાનું સપનું જોયું. અને તે સખત પરિશ્રમ કરીને તે સપનાને સાકાર

gnanbhandar.com

કર્યું. સર જે.આર.ડી.ટાટા ભારતના પ્રથમ વ્યવસાયિક પાઈલોટ હતા જે કલ્પનાના પ્રેરણાસ્ત્રોત હતા. શાળાકીય અભ્યાસ દરમ્યાન ઉડવાનું પ્રશિક્ષણ પણ મેળવી લીધું હતું. કલ્પનાનો પરિવાર અત્યંત રૂઢીચુસ્ત હતો પરંતુ માતાપિતાને સમજાવામાં સફળતા મળી અને ચંદીગઢની પંજાબ એન્જીનિયરીંગ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ઈ.સ. ૧૯૮૨માં તેમણે એરોનોટીકલ એન્જીનિયરીંગની બેચલર ડીગ્રીપ્રથમ વર્ગ સાથે મેળવી. તેને વધુ અભ્યાસ માટે અમેરિકા જવાનો નિર્ણય કર્યો ત્યારે તેને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા. ઈ.સ. ૧૯૮૪માં અમેરિકાની ટેક્સાસ વિશ્વવિદ્યાલયમાંથી એરોસ્પેસ એન્જીનિયરીંગની માસ્ટર ડીગ્રી મેળવી હતી. આ ઉપરાંત ઈ.સ. ૧૯૮૮માં યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાંથી પી.એચ.ડી.ની ઉપાધી મેળવી. ત્યારપછી સી.એ.ટી. ઇન્સ્ટીટયુટ (કેલીફોનિયા)ના સંશોધન વૈજ્ઞાનિક તરીકે નિમણૂંક કરી. આ ઉપરાંત કલ્પના ચાવલાને એસ્ટ્રોનોટ અને રોબોટીક્સ કોમ્પ્યુટર શાખામાં સફળ સંચાલન પણ કરેલું.

ડૉ. કલ્પના ચાવલા ઈ.સ.૧૯૯૪માં નાસાની અંતરિક્ષયાત્રી તરીકે પસંદગી થઇ. તથા ઈ.સ. ૧૯૫૫માં નાસાની સભ્ય બની. તેમણે નાસાની બે સંશોધન કંપનીમાં કામ કર્યું. માત્ર ત્રણ વર્ષ પછી તેને અવકાશમાં જવાની તક મળી. ૧૯ નવેમ્બર ૧૯૯૭ના રોજ કલ્પના ચાવલા મિશન સ્પેશયાલીસ્ટ તરીકે કોલંબિયા દ્વારા અવકાશમાં મુસાફરી કરી. તેને યોગ્ય ભ્રમણ કક્ષામાં ન પહોંચેલો ઉપગ્રહને બચાવી લીધો હતો. આ સાથે જ તેઓ ભારતીય મૂળની પ્રથમ એશિયન મહિલા અવકાશયાત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું. ત્યારપછી કલ્પના ચાવલાને એક વર્ષ કડક પરીક્ષણ આપવામાં આવ્યું. એક ગુજરાતી પંક્તિ છે કે ‘ જે પોષતું તે મારતું’ આ વાટ કલ્પનાની બાબતમાં સાચી પુરવાર થઇ. કોલંબિયાએ કલ્પનાને કરિશ્મા બનાવવાની તક આપી એ જ કોલંબિયા એનો કાળ બની ગયો. તે ફ્લાઈટ એન્જીનિયરીંગ તરીકે મિશનમાં જોડાઈને તેણે અવકાશમાં સંખ્યાબંધ્ધ પ્રયોગો કર્યા. સોળ દિવસની અવકાશયાત્રામાં સૂર્યમાળાનો અભ્યાસ કરવા માટે કલ્પના ચાવલાની બીજી અવકાશયાત્રા તા.૧૬ જાન્યુઆરી ૨૦૦૩ના ના રોજ દ્વિતીય ઉડાન કેપ કેનેડી અંતરિક્ષ કેન્દ્રથી કોલંબિયાનું STS -107 મિશન રવાના થયું. પહેલી ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ પૂર્ણાહુતિ વખતે કોલંબિયા પૃથ્વીના વાતાવરણમાં આવતાં ન અવકાશયાનમાં આગ સાથે તૂટી પડ્યું. જેમાં કલ્પના ચાવલા સહિત બધાજ અવકાશયાત્રી બળીને ભડથું થઇ ગયા.

## રૂડોલ્ફ ડીઝલ



ડીઝલ એન્જીનની શોધ કરનાર રૂડોલ્ફ ડીઝલ નો જન્મ તા. ૧૮/૩/૧૮૫૮ના રોજ ફ્રાન્સના પેરિસમાં થયો હતો. તેમના પિતા મોચી કામ કરતા હતા અને માતા સરકારી કચેરીમાં ભાષાંતરકાર તરીકે નોકરી કરતા હતા. રૂડોલ્ફ ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા. માત્ર ૧૨ વર્ષની નાની વયે પેરીસની વિખ્યાત શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. પરંતુ ફેંકો પર્શિયન યુધ્ધમાં તેમણે શત્રુ માની ભગાડી દીધાં હતા. પણ તેમના એક નજીકના

બ્ભાત્રીજાએ પોતાના વતનમાં પરત લાવવા માટે મદદ કરી હતી. ત્યારપછી રોયલ ફ્ન્ટી ટ્રેડ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો હતો. સ્નાતકની પદવી મેળવ્યા પછી બે વર્ષ મશિનીષ્ટ વિન્ટરથુર સ્વિઝરલેન્ડમાં નોકરી કરી ત્યારપછી તેઓ પેરીસ પાછા ફર્યા. તેમણે રેફ્રીજરેશન એન્જીનિયરીંગ તરીકે નોકરી કરી હતી. તેમણે દાયકા સુધી સૌરઊર્જા પર ચાલતા એર એન્જીન સહિતના હિત અન્જીનો પર કામ કર્યું. સિલીન્ડમાં જ્વ્લાનથી સંચાલિત એન્જીન અંગેના ડીઝલના વિચારો ઈ.સ.૧૮૯૩માં પ્રકાશિત થયા એ પછીના વર્ષે તેમણે પ્રથમ પેટન્ટ માટે અરજી કરી હતી. અત્યારના ડીઝલ એન્જીનો રૂડોલ્ફના મૂળ વિચારમાં સુધારાવ્ધારાને અંતે આકાર પામેલા છે. સબમરીન, જહાજ, રેલ્વે એન્જીનો, પેસેન્જર કાર, મોટા ટ્રક તેમ જ ઉર્જા ઉત્પાદક પ્રકલ્પોમાં એ વપરાશમાં લેવાય છે. તેમણે ઈ.સ.૧૮૮૩માં  લગ્ન કર્યા. અને તેમણે ત્રણ સંતાનો હતા. ૧૦મી ઓગસ્ટ ૧૯૭૩ના રોજ રૂડોલ્ફ ડીઝલની નવું મોડલ તેમણે બનાવ્યું. ૧૦ ફૂટના આયર્ન સિલીન્ડર અને ફ્લાય વ્હીલના બેઝ્વાલા મોડલને સૌપ્રથમ સફળતા મળી હતી. આ ડીઝલ એન્જીન બનાવવામાં એડોલફૂસ બુશે તેમને આર્થિક મદદ કરી હતી. રૂડોલ્ફ ઈ.સ.૧૮૮૫માં પેરીસ ખાતે સૌપ્રથમ શોપ લેબોરેટરીની સ્થાપના કરી હતી. આખો દિવસ એન્જીન બનાવવાની  કામગીરી કરતા હતા. અથાગ પરિશ્રમના અંતે ઈ.સ.૧૮૯૭માં ડીઝલ એન્જીન બનાવવાની સફળતા પ્રાપ્ત થઇ.ઈ.સ.૧૮૯૬નાં અંતિમ દિવસ તેમણે એ વખતે પ્રવર્તમાન વરાળ એન્જીન કરતા ખૂબ જ વધુ કાર્યક્ષમતા ધરાવતા બીજા મોડેલનો પ્રયોગ કરી જોયો. તેની તાંત્રિક ક્ષમતા ૭૫.૬ ટકા હતી. વરાળ યંત્રની તો ૧૦ ટકા કે ઓછી હતી. જો કે તેનું વેપારી દ્રષ્ટીએ ઉત્પાદન વધુ  એક વર્ષ વાલાન્બમાં મૂકાયું. પણ ૧૮૯૮માં વિશ્વસ્તરે તેના ફ્રેન્ચાઈઝની ફી મેળવીને ડીઝલ લખપતિ બની ગયા. તેમનું અવસાન ૨૯ સપ્ટેમ્બર ૧૯૧૩ના રોજ થયું હતું.

## અલકા યાજ્ઞિક



હિન્દી ફિલ્મોના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયિકા અલકા યાજ્ઞિકનો જન્મ તા. ૨૦/૩/૧૯૬૬ના રોજ કોલકત્તામાં એક ગુજરાતી નાગર પરિવારમાં થયો હતો. તેમના પિતા કોલકત્તાની હુગલી રીવર સંસ્થામાં પાઈલટ હતા. જ્યારે સંગીતનો વારસો તેમના માતા શુભાબહેન પાસેથી મળ્યો હતો. તેમની માતા શાસ્ત્રીય સંગીતના ગાયિકા હતા, પણ ગળાની તકલીફને કારણે આગળ વધી ન શક્યા તેથી આ ક્ષેત્રમાં દીકરીને લગનને જોઇને તેને પ્રોત્સાહન આપ્યું. કોલકતાના સાંસ્કૃતિક માહોલનું પણ તેમાં યોગદાન રહ્યું. માત્ર પાંચ વર્ષની વયે કોલકતા રેડિયો પરથી ગાવાનું શરૂ કરી દીધું હતું. અને વિદ્યાર્થી અવસ્થામાં અનેક ઇનામો પ્રાપ્ત કર્યા હતા. કોલકત્તાની કોલેજમાં અભ્યાસ કરતાં કરતાં તેઓએ મુબઈમાં ફિલ્મોમાં પાર્શ્વગાયક માટે પ્રયાસો શરૂ કરી દીધાં ત્યાં રેડિયો પર અલકાનું ગીત સાંભળીને કોલકતામાં રાજકપૂરની એક ફિલ્મના વિતરકે અલકાને પોતાની ભલામણ સાથે મુબઈમાં રાજકપૂરે

અલકાને કલ્યાણજી આનંદજી પાસે મોકલ્યા. આ સંગીતકાર બંધુઓએ અલકાને તાલીમ આપી પોતાના સ્ટેજના કાર્યક્રમોમાં ભાગ લેવાની તક આપી. ગાયન અને પાર્શ્વગાયન વચ્ચેનો ભેદ સમજાવી તેમને યોગ્ય દિશા બતાવી તેમની સજ્જતા વધારી. ત્યારપછી ફિલ્મોમાં પાર્શ્વગાયિકા તરીકે તેમને સ્થાન મળ્યું. કલ્યાણજી આનંદજીએ ' લાવારીસ' ફિલ્મ માટે અલકા પાસે ગવડાવીને હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કરાવ્યો અને પ્રથમ ફિલ્મથી જ તેમની ઇન્ડસ્ટ્રીઝમાં તેમની સારી છાપ પડી. ઈ.સ. ૧૯૯૩માં ' હમ હૈ રાહી પ્યારકે' નાં ગીત માટે નેશનલ એવોર્ડ મળ્યો. તેમણે લક્ષ્મીકાંત પ્યારેલાલ, જયકૃષ્ણ, રવિ, બપ્પી લહેરી,અનુ મલિક અને એ.આર.રહેમાન સહિતના અનેક સંગીતકારો માટે તેઓ પ્રિય અને અનિવાર્ય ગાયક બની ગયા. તેમના અવાજમાં એક યૌવન છે. ' પંછી નદિયા', ' જાણે કયો દિલ ચાહતા હૈ",કભી અલવિદા નાં કહેના ' જેવા ગીતો ખૂબ જ લોકપ્રિય છે. તેઓ ઈ.સ.૧૯૮૯માં પંજાબી યુવક નીરકપૂર સાથે લગ્ન કર્યા. તેમણે અનેક પારિતોષિકો મળી ચુક્યા છે. સાત ફિલ્મફેર એવોર્ડ અને બે નેશનલ એવોર્ડ પણ પ્રાપ્ત કરેલ છે.

## ઉસ્તાદ બિસમિલ્લાખાન



વિશ્વ વિખ્યાત મહાન શરણાઈવાદક અને ભારતરત્ન વિજેતા ઉસ્તાદ બિસમિલ્લાખાનનો જન્મ તા. ૨૧/૩/૧૯૧૬ના રોજ બિહારના ડુમરાવ પ્રદેશના એક ગામમાં થયો હતો. ઉસ્તાદ બિસમિલ્લાખાનના પરિવારમાં પિતા,દાદા,મામા સૌ શરણાઈ વગાડતા હતા . વિવિધ રાજદરબારમાં તેમની શરણાઈના સૂર ગૂંજી ઊઠતા હતા. જ્યારે બિસમિલ્લાખાન અઢી વર્ષના હતા ત્યારે માતાનું અવસાન થયું અને ત્યારપછી તેમનો ઉછેર મામાના ઘરે થયો હતો. તેઓ બાલ્યાવસ્થાથી જ અભ્યાસ કરતાં સંગીતમાં વધુ રૂચિ ધરાવતા હતા. તેમના મામાની સૌથી વધુ અસર હતી. તેમના મામા અલીબક્ષએ બિસમિલ્લાખાન શહેનાઈ પ્રત્યેનો પ્રેમ જોઇને તેમને માત્ર ૬ વર્ષની નાની વયે શહેનાઈની ભેટ આપી હતી. બસ એ દિવસથી શહેનાઈનો હાથ જીવનના અંતિમ દિવસો સુધી રહ્યો હતો. ઈ.સ. ૧૯૩૦માં તેઓ અલ્હાબાદમાં અખિલ ભારતીય સંગીત સંમેલનમાં સામેલ થયા. ઈ.સ.૧૯૩૭માં કલકત્તામાં યોજાયેલ અખિલ ભારતીય સંગીત સંમેલન તેમના માટે માઈનસ્ટોન સાબિત થયો. વીસ વર્ષની વયે જ ખ્યાતી દેશભરમાં ફેલાઈ ગઈ. પદ્મશ્રી,પદ્મવિભૂષણ, તાનસેન જેવા સન્માન ઉપરાંત તેમણે આંતરરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કર્યા છે. શાંતિનિકેતન વિશ્વ વિદ્યાલય દ્વારા તેમને ' ડોકટરેટ' ની ઉપાધીથી નવાજ્યા છે. શહેનાઈના સૂરવાણી બિસમિલ્લાખાનની અનેક કેસેટ બજારમાં આવી જેને કીર્તિમાન રેકોર્ડ સ્થાપિત કર્યા છે . વિશ્વમાં પોતાની માનમાં હોવા છતાં બિસમિલ્લાખાનના વાણી, વર્તનમાં જરાય અભિમાન નથી. તેઓ ધાર્મિક, લાગણીશીલ અને અત્યંત સંવેદનાસભર વ્યક્તિ છે. તેમની શહેનાઈમાંથી નીકળેલી ધૂન મનને શાંત અને પવિત્ર બનાવે છે તેવો અહેસાસ થાય છે. પ્રથમ સ્વાતંત્ર્ય દિવસ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦નાં રોજ લાલ કિલ્લા પર આયોજિત સમારોહમાં તેમણે શહેનાઈ પર ' રાગ્કેફી' વગાડ્યું હતું. ઈ.સ.

૨૦૦૧માં તેમને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ૨૧ માર્ચ વિશ્વ વન દિન




માનવી વસ્ત્રો અને આભૂષણોથી સુંદર લાગે છે તેમ આપણી પૃથ્વી પણ વૃક્ષોથી હરિયાળી લાગે છે. વૃક્ષોથી જમીનનો રસકસ જળવાઈ રહે છે, વૃક્ષો સૂકી ધરતીનું ધોવાણ અટકે છે. અને કાર્બન ડાયોક્સાઈડને શોધી ઓક્સીજન પર્યાવરણમાં છોડીને શુદ્ધ કરે છે. પૃથ્વીનો કુલ જમીન વિસ્તારનો ત્રીજો ભાગ જંગલ દ્વારા ઢંકાયેલો છે. વનો જૈવ વૈવિધ્યના ભંડારો છે, કેમ કે એજ પર્યાવરણને જાળવે છે અને વનસ્પતિઓ,પ્રાણીઓ તથા સૂક્ષ્મ જીવજંતુઓની અદ્દભૂત વિવિધતા દર્શાવે છે. જંગલના વૈવિધ્યનો આ વિશાલ વ્યાપ માનવજાતિને ઘણી બધી પર્યાવરણીય સેવાઓ પૂરી પાડે છે. વૃક્ષો ધરતીનું ધન છે. લાકડું,ફળ,ક્ષાર પદાર્થો, તેલી પદાર્થો,રબર,સુંગધિત દ્રવ્યો, ઔષધિઓ વગેરે અંદાજીત ૫૦૦૦ થી વધારે પેદાશો મળે છે.પ્રાચીન સમયથી વૃક્ષોનાં પૂજન અને અર્ચના થતી આવી છે. વિજ્ઞાનયુગમાં વનસ્પતિને ધાર્મિક વિધિ સાથે જોડેલ છે. તેનો મહિમા આજે પણ જીવંત છે. આપણી સંસ્કૃતિએ વૃક્ષઉછેરને આપના જીવનના અભિન્ન અંગ તરીકે મહિમા ગાયો છે. 'લીમડો' આજે ' કલ્પવૃક્ષ' તરીકે ઓળખાય છે. વનસ્પતિનો આર્યુવેદિક દવા તરીકે ઉપયોગ થાય છે. વનને બચાવીશું તો મનુષ્ય બચશે આ અભિયાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે માટે સમગ્ર વિશ્વમાં ઈ.સ. ૧૯૭૨થી દર વર્ષે ૨૧ માર્ચ 'વિશ્વ વન દિન' તરીકે ઉજવાય છે.

પ્રાચીન સમયથી વૃક્ષોના પૂજન અને અર્ચના થતી આવી છે.વિજ્ઞાનયુગમાં વનસ્પતિને ધાર્મિક વિધિ સાથે જોડેલ છે. તેનો મહિમા આજે પણ જીવંત છે. આજે જંગલો પ્રચંડ પડકારો અને અલગ પ્રકારના દબાણોનો સામનો કરી રહ્યા છે. વીસમી સદીના આરંભે લગભગ ૩૦% ભૂમિ જંગલોથી છવાયેલિ હતી પરંતુ વીસમી સદીના અંતે તો તે પ્રમાણ ઘટીને ૧૪.૮% સુધી ઘટાડો થયો છે. રાષ્ટ્રીય નીતિ-૧૯૮૮ના ભલામણ અનુસાર મેદાનો માટે ૩૩% અને પર્વતો માટે ૭૬% શ્રેષ્ઠ લઘુત્તમ જંગલ વિસ્તાર કરતાં આજે આ પ્રમાણ ખૂબ જ ઓછું છે. વન આચ્છાદનોના ઘટાડાના મુખ્ય કારણોમાં ખેતીવાડી વિસ્તારમાં વધતું જતું ઉદ્યોગીકરણ, ઇમારતી લાકડા, બળતણ માટેના લાકડા, વનપેદાશોની ઔષિધઓ વગેરે વપરાશના કારણે આજે જંગલોનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. વનોના નાશ થવાથી પર્યાવરણ પર ગંભીર અસર થવા લાગી છે. અને માનવીનું અસ્તિત્વ ભયમાં મુકાશે તેવી ચિંતા અત્યારે થઇ રહી છે. આજે આપણે જે કોઈ વિકાસ સાધીએ છીએ અને જે ભૌતિક સુખો ભોગવી રહ્યા છીએ તે લાંબા ગાળા માટે ટકી રહે અને તે વિકાસ આપણી પ્રાકૃતિક સંપદાઓના ભોગે મેળવી ન શકાય. માનવસમાજને સુરક્ષિત ભવિષ્ય પ્રદાન કરી શકે અને તે માટે પ્રાકૃતિક સંપદાનું જતન કરવાની આપણી સહુની નૈતિક ફરજ અને જવાબદારી છે. આવો આપણે સાથે મળીને વનોની રક્ષા અને સંવર્ધન દ્વારા આપણી આવનાર પેઢીને ટકાઉ અને સુરક્ષિત વિશ્વનો વારસો

આપીએ તો જ આ દિવસ સાચા અર્થમાં ઉજવાયો ગણાશે.

## ગુજરાતી કવિ સુન્દરમ્




ગુજરાતી કવિ, વાર્તાકાર, વિવેચક ‘ સુન્દરમ્’ નો જન્મ તા. ૨૨/૩/૧૯૦૮ના રોજ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાનામિયાંમાતરમાં થયો હતો. તેમનું મૂળ નામ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર હતું. સાત ચોપડી સુધી માતરની લોકલ બોર્ડની શાળામાં અભ્યાસ કર્યો. પછીઅંગ્રેજી પાંચ ધોરણ સુધી આમોદની શાળામાં અને એક વરસ ભરૂચની છોટુભાઈ પુરાણીનીરાષ્ટ્રીય ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં ગાળી, ભરૂચમાંથી વિનીત થઈ ઈ.સ.૧૯૨૯માં સંસ્કૃત અનેઅંગ્રેજી વિષયો સાથે ‘ભાષાવિશારદ’ની ઉપાધિ પ્રાપ્ત કરી.ગૂજરાત વિદ્યાપીઠમાંથીસ્નાતક થયા. એ જ વર્ષે સોનગઢ ગુરુકુળમાં અધ્યાપન. ઈ.સ.૧૯૩૫ થી ૧૯૪૫ સુધી અમદાવાદનીસ્ત્રીસંસ્થા જ્યોતિસંઘમાં કાર્યકર્તા તરીકે જોડાયા.ઈ.સ.૧૯૪૫થી શ્રી અરવિંદ આશ્રમ, પૉંડિચેરીમાં સકુટુંબ સ્થાયી નિવાસ સ્વીકાર્યો. ઑગસ્ટ ૧૯૪૭થી ‘દક્ષિણા’ના તંત્રી પદે સેવા આપી.ઈ.સ.૧૯૭૦માં જૂનાગઢમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ચૂંટાયા. ઈ.સ.૧૯૭૪માંઆફ્રિકા-ઝાંબિયા-કેન્યા-મોરેશ્યસનો પ્રવાસ કર્યો. ઈ.સ.૧૯૭૫માં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તરફથી ડૉક્ટર ઑવ લિટરેચરની માનદ ઉપાધિ પ્રાપ્ત કરી. તેમણે ‘કોયા ભગત’, ‘ત્રિશૂળ’, ‘મરીચિ’, ‘સુન્દરમ્’ જેવા ઉપનામોથી ગુજરાતી સાહિત્ય ખેડાણ કર્યું.

‘કોયા ભગતની કડવીવાણી અને્ ગરીબોનાં ગીતો’ (૧૯૩૩) સુન્દરમ્ નો પહેલો કાવ્યસંગ્રહ છે. ત્યારપછી ‘કાવ્યમંગલા’ (૧૯૩૩), ‘વસુધા’ (૧૯૩૯),‘યાત્રા’ (૧૯૫૧) તેમના કાવ્યસંગ્રહો છે.‘રંગ રંગ વાદળિયાં’ (૧૯૩૯)માં એમનાં બાળકાવ્યસંગ્રહ છે. આ ઉપરાંત ‘હીરાકણી અને બીજી વાતો’ (૧૯૩૮)માં ૧૯૩૧માં લખાયેલી ‘લુટારા’ નામની પહેલી વાર્તા ઉપરાંત ‘ગોપી’, ‘પૂનમડી’, ‘આ નશીબ’, ‘ગટ્ટી’, ‘ભીમજીભાઈ’, ‘મિલનની રાત’ અને ‘હીરાકણી’ એમ કુલ આઠ વાર્તાઓ છે.એમની વાર્તાઓગુજરાતી વાર્તાસાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ‘ખોલકી અને નાગરિકા’ (૧૯૩૯)માં ‘નાગરિકા’, ‘નારસિંહ’ અને ‘ખોલકી’ જેવી વાર્તાઓમાંવિવાદસ્પદ નીવડેલાં જાતીય નિરૂપણો સૌન્દર્યનિષ્ઠ રેખાને ઓળંગીને નથી ચાલતાં.‘ખોલકી’માં તો પતિસમાગમ પર્યંત પહોંચતી ગ્રામીણ નારીની ચિત્તક્ષણોનો આલેખ સૂક્ષ્મરીતે કલાત્મક છે.‘પિયાસી’ (૧૯૪૦),‘ઉન્નયન’ (૧૯૪૫, ‘તારિણી’ (૧૯૭૮) પૉંડિચેરીના સ્થાયી નિવાસ પછી લખાયેલી કુલ ત્રીસ વાર્તાઓનો સંગ્રહછે. ‘અર્વાચીન કવિતા’ (૧૯૪૬) એમનો પ્રમાણિત ઇતિહાસગ્રંથ છે.‘દક્ષિણાયન’ (૧૯૪૧) દક્ષિણ ભારતના પ્રવાસનું પુસ્તકછે.‘ચિદંબરા’ (૧૯૬૮) લેખકના વિવિધ વિષયનાઅને વિવિધ અનુભવના ગદ્યલેખોનો તથા અનૂદિત કૃતિઓનો સંગ્રહ છે. તેમને ઈ.સ.૧૯૩૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૪૬માં મહીડા પારિતોષિક,

gnanbhandar.com

૧૯૫૫માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૬૮માંસાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર.આપી સન્માનિત કર્યા છે.

## રોબર્ટ સી.ગેલો



એક્વાયર્ડ ઈમ્યુનો ડેફીયન્સી સિન્ડ્રોમ ( એઈડ્ઝ) માટે જવાબદાર વિષાણું એચ.આઈ.વિ.(હ્યુમન ઈમ્યુનો ડેફીયન્સી વાયરસ) જે માણસને રોગ પ્રતિકારક શક્તિ નાશ કરે છે. આ એઈડ્ઝનો શિકાર બંને છે. આ દર્દી છેવટે ટી.બી., મલેરિયા જેવા સામાન્ય રોગોનો શિકાર બની મોતને ભેટે છે. એચ.આઈ.વી. વાયરસના શોધક રોબર્ટ સી.ગેલોનો જન્મ તા. ૨૩/૩/૧૯૩૭ના રોજ થયો હતો. તેઓ બાયોમેડીકલ સંશોધક હતા. ઈ.સ. ૧૯૫૯માંતેમણે બી.એસ.સી.ની બાયોલોજીના વિષય સાથે ડીગ્રી મેળવી હતી. ત્યારપછી ઈ.સ. ૧૯૬૩માં જેફરસન મેડીકલ કોલેજમાંથી એમ.ડી. થયા. આ ઉપરાંત મેડીકલ રેસીડન્સી એન્ડ ઇન્ટરશીપ શિકાગો યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કર્યું હતું. તેઓ ઇન્સ્ટીટયુટ ઓફ હ્યુમન વાઈરોલોજીના સંસ્થાપક અને નિયામક હતા. એઈડ્ઝના ચેપ માટે જવાબદાર જીવાણું શોધ્યા પહેલા ગોલોએ માણસોને કેન્સર થવા માટે જવાબદાર હ્યુમન લ્યુકેમિયા વાયરસ ( એચટીએલવી)ને સૌપ્રથમ ઓળખી બતાવ્યો હતો. ઈ.સ. ૧૯૭૬માં તેમણે સાથી સંશોધકોના સહયોગથી ' ઇન્ટરલ્યુકીનર'ની શોધ કરી હતી. કેન્સર અને ક્યારેક એઈડ્ઝના રોગમાં આ થેરાપીનો ઉપયોગ થાય છે.ઈ.સ.૧૯૮૬માં ગેલોની ટીમે કેટલાક નવા હ્યુમન હર્પીસ વાઈરસ શોધ કાઢ્યા. છેલ્લા ૨૫ વર્ષ કરતાં વધુ સમયમાં એચએલવી-૩ની શોધ સર્વપ્રથમ થઇ. પાછળથી આ વાઈરસ થકી રોઝીઓલા તથા વ્યાપકપણે થતાં સોરાઈસીસ થતો હોવાનું જણાવ્યું હતું.

ઈ.સ.૧૯૮૭માં એઇડ્સ માટે લોહીનો ટેસ્ટ કરવાની પધ્ધતીના પેટન્ટ અધિકારો મળતા ફ્રાંસના સંશોધકોએ કાગારોળ મચાવી પરંતુ સમગ્ર માનવજાત માટે ખતરારૂપ રોગ સામે લડવાના વિવાદમાં બધાને નુકસાન થવાનું છે. એટલે તે સમયના અમેરિકન પ્રમુખ રોનાલ્ડ એગન અને ફ્રાન્સના પ્રમુખ ચિરાકે આ વિવાદમાં દખલગીરી કરી. એક સમારંભમાં તેમણે એઈડ્સના વાયરસની શોધને સંયુક્ત ગણાવી. બંને દેશના વૈજ્ઞાનિકોને પ્રતિષ્ઠાના હકદાર બનાવ્યા. અને આ વિષાણુઓ એચઆઈવી નામે ઓળખવા લાગ્યા. કિશોરવસ્થામાં હતા ત્યારે તેમની ૬ વર્ષની બહેન લ્યુકેમિયા-કેન્સરમાં અવસાન પામી હતી. ત્યારથી વિજ્ઞાન અને તબીબીશાસ્ત્રમાં એમને પ્રથમ રસ જાગ્યો. તેમની તેમની બહેનની સારવાર કરનાર ડોકટરોમાં તેમના પર ખૂબ જ પ્રભાવ પડ્યો. અને તેમણે આ ભયંકર રોગનો ઈલાજ શોધવાની દિશામાં વૈજ્ઞાનિક શોધકાર્ય માટે સમર્પિત કરી દીધું.

## ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિન




પ્રતિ વર્ષ ૨૪મી માર્ચ ' વિશ્વ ક્ષય દિન' તરીકે વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવે છે. ૨૪ માર્ચ

૧૮૮૨માં જર્મની વૈજ્ઞાનિક ડૉ. રોબર્ટ કોકએ ટી.બી.ના જંતુ શોધ્યા હતા. તેની યાદમાં આ દિવસ ઉજવાય છે. અગાઉના સમયમાં આજના સમય જેટલું વિજ્ઞાન વિકસ્યું નહોતું અને તબીબી વિજ્ઞાના પણ આજની કક્ષાએ કાર્યરત નહોતું. ત્યારે કેટલાક જીવલેણ રોગોમાં મોટી સંખ્યામાં માનવમૃત્યું થતાં હતા. એ સમયમાં જેના નામ માત્રથી ભયભીત થવાતું તેવો ચિંતાજનક રોગ ક્ષયનો હતો જેને ટી.બીના નામે ઓળખવામાં આવતો હતો. આજે વિજ્ઞાના ટેકનોલોજીના અતિ આધુનિક વિકાસની સાથે તબીબી નિદાન સારવારના ક્ષેત્રે પણ ઘણી સારી શોધો થઇ છે. અને માનવજીવનને વધુ સ્વાસ્થ્યપૂર્ણ નીરોગી, સલામત, દીર્ઘાયુ બનાવવાની દિશામાં સિદ્ધિ મેળવી શકાઈ છે. લોકશિક્ષણની સાથે જનજાગૃતિ વધી છે. રોગ થતાં પહેલાની સાવચેતી અપનાવવામાં આવે છે. અને થયેલા ગંભીર રોગને શરૂઆતના તબક્કે જ યોગ્ય સારવાર આપી શકાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ડબલ્યૂ એચ ઓ (WHO)દ્વારા વિવિધ રોગોની જાગૃતિ માટે વિવિધ પ્રચાર પ્રસાર કરે છે. આપણા દેશમાં પ્રત્યેક દિવસે દર દોઢ મીનીટે એક માનવીનું મૃત્યું ટી.બી.ને કારણે થાય છે. અને ૪૦,૦૦૦થી વધુ વ્યક્તિઓ ચેપ મલાગતાંદરરોજ ૫૦૦૦ લોકો આ રોગનો ભોગ બંને છે. આ કારણે આપણા દેશમાં દર વર્ષે રૂ. ૧૨,૦૦૦ કરોડનું આર્થિક નુકસાન થાય છે. સમગ્ર વિશ્વમાં આ રોગને ઉગતો જ ડામવા માટે જાગૃતિના પ્રસાર માટે, એના નિયંત્રણ માટે વિવિધ સ્તરે કાર્ય કરવામાં આવિ રહ્યું છે. પ્રત્યેક વ્યક્તિ સમાજના, રાજ્ય,રાષ્ટ્રના જવાબદાર અંગ તરીકે આ દિશામાં જાગૃત બંને તો જ સાચા અર્થમાં વિશ્વ ક્ષય દિનની ઉજવણી સાર્થક બને. આ રોગ સામે એક પ્રકારની લડતનું આંદોલન જગાવવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ આરોગ્ય તંત્ર દ્વારા આ અંગે ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવે છે. અને વિવિધ પગલાં થકી આ રોગના ભોગ બનેલ વ્યક્તિઓને શોધી યોગ્ય સારવાર થકી તેમણે ક્ષયમુક્ત કરવામાં આવે છે. સરકારી આરોગ્ય સાથે સંકળાયેલ કર્મચારીઓ, તથા સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાની નૈતિક જવાબદારીના ભાગરૂપે આ અભિયાનમાં જોડાયેલ છે. ટી.બી.ની ગળફા તપાસ દ્વારા નિદાન અને ડોટ્સ પદ્ધતિની સારવાર બાબતે શ્રેષ્ઠ કામગીરી માટે ગાંધીનગર જિલ્લાએ આર.એન.ટી.સી.પી.ની કામગીરીમાં રાજ્ય કક્ષાનો એવોર્ડ એનાયત થયેલ છે. જાગૃત નાગરિક તરીકે આપણે પણ આસપાસમાં ક્યાંય પણ ક્ષયનો કોઈ દર્દી હોવાનું જણાય તો તેમના માટે યોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવી આપણે સમાજની મોતી સેવા કરી શકીએ.

## વિજયગુપ્ત મૌર્ય



વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનની રંગબેરંગી વાતો ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરનાર વિજયગુપ્ત મૌર્યનો જન્મ 26 માર્ચ 1909ના રોજ પોરબંદરમાં થયો હતો. તેમનું મૂળ નામ વિજયશંકર હતું. પિતાનું નામ મુરારજી વાસુ હતું. તેમણે માધ્યમિક શિક્ષણ પોરબંદરમાં લઈ ઉચ્ચ અભ્યાસ મુંબઇ યુનિવર્સિટીમાંથી એડ્વોકેટ થયા. ઇ.સ. 1933માં પોરબંદરમાં વકીલાત શરૂ કરી ત્યારબાર 1937માં તેઓ ન્યાયાધીશ બન્યા. મૂળ વ્યવસાયે

વકીલાત હોવાછતાં મૂળ જીવ લેખક- પત્રકારનો હતો. ઇ.સ. 1942માં ' ભારત છોડો' આંદોલનમાં સક્રિય થવા વકીલાત છોડીને મુંબઇ ગયા. વિશ્વમાં ઝડપથી થતાં બદલાવને તેઓ વાચકોને તેનો સાક્ષાત્કાર કરાવનાર તેમ જ જ્ઞાનવિજ્ઞાનની અનેકવિધ શાખાઓ વિષે સાવ સરળ ભાષામાં વાચકો સમક્ષ પિર્સનાર વિજયશંકર સાહિત્યક્ષેત્રે આવ્યા પછી તેઓ ' વિજયગુપ્ત' થયા.

' જન્મભૂમિ'ની 'પ્રવાસી' સાપ્તાહિક પૂર્તિમાં ' છેલ્લું પાનું' નામે કોલમમાં લેખનની શરૂઆત કરી. જે ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસમાં અમર થઈ ગયું. આ સમય દરમ્યાન સાહિત્ય, ધર્મ, તત્વજ્ઞાન જેવા વિષયોના લેખો પ્રગટ થતાં હતા પરંતુ જ્ઞાન વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ જ ઓછું સાહિત્ય પ્રગટ થતું હતું. આ ખોટ પારખીને તેમણે ' છેલ્લું પાનું'માં કિશોરો માટે તેમણે અદ્દભુત સાહસકથાઓ અને પ્રાણીકથાઓના પુસ્તકો આપીને વાચકોને તરબતર કરી દીધા. ' અખંડ આનંદ'માં આવતી તેમની ' જ્ઞાન ગોષ્ઠી' વિભાગ ખૂબ જ લોકપ્રિય બન્યો હતો. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતું એમનું પ્રથમ પુસ્તક ' પ્રિન્સ બિસ્માર્ક' છે. એમને ગુજરાતનાં પક્ષીઓ વિષે ' પ્રકૃતિના લાડકવાયા' પુસ્તક લખ્યું.

## ૨૭મી માર્ચ વિશ્વ રંગભૂમિ




રંગભૂમિ એ ઇતિહાસને તાજો કરનારી અને સંસ્કારોને ઘડનારી હરતી ફરતી યુનિવર્સિટી છે. ઈ.સ.૧૯૬૧ માં યુનેસ્કો ઇન્ટરનેશનલથિયેટર ઇન્સ્ટીટયુટમાં વિશ્વ રંગભૂમિની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી. જેમાં ૨૭મી માર્ચ વિશ્વ રંગભૂમિ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં ગુજરાતી રંગભૂમિનું બીજ પારસીઓએ નાખ્યું હતું.પરંતુ સમગ્ર ભારત વર્ષમાં રંગભૂમિની પરંપરામાં ગુજરાત ' ભવાઈ' ને કારણે મોખરે છે.ભવાઈ ની કલ્પના કરનાર અસાઈત ઠાકર હતા. અસાઈત ઠાકર ઉત્તર ગુજરાતના વતની સિદ્ધપુરના ઔદીચ્ય બ્રાહ્મણ હતા. તેમની ઝ્મ્માન્ગીરી ઊંઝાના કડવા પાટીદારો સાથે હતી. એકવાર અસાઈત ઠાકર પોતાના ક્રમ મુજબ યજમાન હેમાળા પટેલને ઘરે ઊંઝા જાય છે. ત્યારે તેમણે જાણવા મળ્યું કે પોતાના યજમાનની દીકરી ગંગાને પરધર્મી સૂબો ઉપાડી ગયો છે. અસાઈત યજમાનને આશ્વાસન આપીને ખે છે ' મારી સંગીત કલાથી હું સૂબાને પ્રસન્ન કરી, દીકરીને પાછી લઇ આવીશ. અને પોતાની સંગીતકલાથી સૂબાને પ્રસન્ન કર્યા. સૂબો કહે છે : ' મ્બ્લોત આપ પર બહુત ખુશ હૈ, કહો ક્યા ચાહિએ ?' અને અસાઈત કહે છે : ' આપના સૈનિક મારી દીકરીને ઉપાડી લાવ્યા છે. એ મને આપો ' સૂબો કહે છે : ' જો એ તારી દીકરી છે તો તમે બંને બાપ-દીકરી એક થાળમાં જમો અને પછી જાઓ' દીકરી ગંગા ને બચાવવા માટે અસાઈત એક થાળમાં ગંગા સાથે ભોજન લે છે. અને તેને લઈને આવે છે આ ઘટનાને કારણે અસાઈતને બહિષ્કૃત થવું પડે છે. બહિષ્કૃતઅસાઈત પોતાના ભાઈઓ સાથે ઊંઝા આવ્યા. ઊંઝાના હેમાળા પટેલ આ બ્રાહ્મણ પરિવારોને પોતાના ગામમાં આશરો આપે છે. અને ત્રણેય ભાઈઓ ઘર બાંધી આપે છે. આ ત્રણ ઘર એટલે કે ' ત્રીઘરા' અને તેના ઉપરથી તેમણે તરગાળા જ્ઞાતિમાં રૂપાંતરિત થયું પડ્યું. ઊંઝામાં રહ્યા પછી અસાઈતે મા ઉમિયાના ખોલે બેસીને એ સમયની કુરૂઢીઓને કટાક્ષથી પ્રસ્તુત કરવા, રોજના એક લેખે ૩૬૦ ભવાઈ વેશ લખ્યા

એટલું જ નહિ પણ તે વેશોને ભજવ્યા પણ હતા. આધુનીક જમાનામાં પણ આ ભવાઈમાં કસબી અને કલાકારોએ અભિનયના અજવાળા પાથરી ગુજરાતી રંગભૂમિને ભજવી છે. પ્રાણસુખ નાયક અને ' જયશંકર ' સુંદરી' વિસનગરના પાણીદાર રત્નો, સંગીતક્ષેત્રના અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ અને રાસ બિહારી દેસાઈ પણ આજ માટીનાં સરન હતા. પ્રવીણ જોશી પાટણના , અને મહેસાણાના છઠીયારડાના વતની ગોવર્ધનરામ પંચાલ ,ઊંઝાના વસંત નાયક સંગીત અને નાટ્યક્ષેત્ર ના મોટા રત્નો હતા.

## લોક ગાયક પ્રફુલ્લ દવે



ગુજરાતનાં સુપ્રસિદ્ધ લોકસંગીતના લોકપ્રિય ગાયક પ્રફુલ્લ દવેનો જન્મ30 માર્ચ 1951 ના રોજ અમરેલી જિલ્લાના ચિત્તલમાં થયો હતો. પિતાનું નામ દેવશંકર અને માતાનું નામ મણિબહેન હતું.શાળાકીય શિક્ષણ અમેરેલીની આસપાસના ગામડાઓમાં લઈ મેટ્રિકનો અભ્યાસ પૂર્ણ કર્યો. પોતાની બહેન વિનોદાબેન ઓખહરણ વાંચતાં તેમનું આવતું એક પદપદનો સુંદર રાગ સાંભળી તેઓ રડી પડ્યા. આર્યુવેદનો અભ્યાસ દરમ્યાન અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રફુલ્લે કંઠ રેલાવ્યો હતો. આર્યુવેદનો અભ્યાસ પૂર્ણ કરી જામનગર ઇન્ટર્નશીપ દરમિયાન ભાવનગરની કળા- સંગમ' સંસ્થા દ્વારા અમદાવાદમાં નવરાત્રી ઉત્સવમાં સ્ટેજ સિંગર તરીકે ગાવાનું નિમંત્રણ મળ્યું. આ કાર્યક્રમ સાંભળવા આવેલા મધુસૂદન વ્યાસે ' યૌવન વીંઝે પાંખ' કાર્યક્રમ માટે પ્રફુલ્લભાઈને પોતાના કાર્યક્રમમાં ગાવા માટે નિમંત્રણ આપ્યું. 1976માં આ કાર્યક્રમમાં તેમણે ' મણિયારો' ગીત ગયેલું જે ખૂબજ લોકપ્રિય સાબિત થયું. ઇ.સ. 1978માં દિગંત ઓઝાની ' લાખો ફૂલાણી' ફિલ્મમાં સંગીત નિર્દેશક ગૌરાંગ વ્યાસે આ ગીત પ્રફુલ્લ દવે અને સુમન કલ્યાણપુરના કંઠે ગવડાવ્યું. પ્રફુલ્લ દવે દેશ અને વિદેશોમાં એમને અનેક સંગીતના કાર્યક્રમો આપ્યા છે.

## રોબર્ટ વિલહેલ્મ બુનસેન

વિશ્વના મહાન રસાયણશાસ્ત્રી અને ફોટોમીટરના શોધક રોબર્ટ વિલહેલ્મ બુનસેનનો જન્મ ૩૧મી માર્ચ ૧૮૧૧ના રોજ જર્મનીના ગોટીનજનમાં થયો હતો. બચપણથી વિજ્ઞાન પ્રત્યે ખૂબ જ રૂચિ હતી. રોબર્ટ બુનસને આધુનિકઅકાર્બનિક રસાયણના પાયાના સિધ્ધાંતો આપ્યા હતા. ઈ.સ.૧૮૪૧માં બુનસેન પ્રકાશ અંગેના પ્રયોગો કરી રહયા હતા ત્યારે તેમને લાગ્યું કે બધુ શકિતશાળી ઈલેકટ્રીક સેલ હોય તો તેમનું કામ આગળ ધપાવી શકાય. ઈ.સ. ૧૮૪૪માં તેમણે ફોટોમીટરની શોધ કરી. આ સાધનની મદદથી દીવાના પ્રકાશની ત્રીવતા માપી શકાય છે. આ ઉપરાંત ગીઝરમાં પાણી ગરમ થઈ શકે છે તે સિધ્ધાંત પણ શોધી કાઢયો. ઈ.સ.૧૮૫૫માં આર્ઈવેદ મિશ્રણમાં લીથિયમતત્વ બુનસેને અલગ પાડયું. ઈ.સ.૧૮૫૯માં કિરચોફ સાથેના સહયોગથી ' સ્પેકટ્રોસ્કોપ' ની શોધ કરી જેની મદદથી પ્રકાશ જુદા જુદા રંગોમાં વહેચાઈ જાય છે.

ઈ.સ.૧૮૬૦માં રોબર્ટ વિલહેલ્મ બુનસેન ' સિઝીયમ અને ' રૂબીડયમ' નામના બે તત્વોશોધ્યા. ' સિઝીયમ' નો ઉપયોગ ફોટોઈલેકટ્રીક સેલમાં થાય છે. ઈ.સ.૧૮૬૮માં રોબર્ટ ફિલ્ટર પંપની શોધ કરી જેનો ઉપયોગ પ્રયોગશાળામાં પ્રવાહીને શુધ્ધ કરવામાં થાય છે. ઈ.સ.૧૮૮૭માં વરાળ કેલોરીમીટર પણ શોધ્યું. તેમણે પ્રકાશ અને ઉષ્ણતાને લગતી કરેલી કામગીરી ભાવિ શોધકો માટે બહુ ઉપયોગી બની છે.

ઈ.સ.૧૮૧૭માં આર્ફવેદમાં લીથિયમ શોધી કાઢ્યું. પ્રકાશ અને ઉષ્ણતાને લગતી કામગીરી ભાવિ શોધકો માટે બહુ ઉપયોગી બની રહેશે. ૧૬મી ઓગસ્ટ ૧૮૯૯ના રોજ હેડલબર્ગમાં તેમનું અવસાન થયું.